Price Rs. 2/-

# પાટણ પ્રતિબિંબ

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

વર્ષ ૩ ★ સળંગ અંક ૩૨ ★ મે, ૨૦૦૯ ★★★ Regd. No.MH/MR/South-135/2009-11
RNI Regd. No. MAHGUJ / 2006 / 18379

### પ્રમુખ સ્થાનેથી.....

**સ્નેહી સ્વજનો,**
**જય જિનેન્દ્ર !**

જ્ઞાન - દર્શન - ચારિત્રની અસ્ખલિત પ્રજવલિત દિપમાળા થકી આપણી માતબર સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ સેવા, સાધના અને સંસ્કૃતિની પગધારે વિવિધ ક્ષેત્રે અનેકવિધ પ્રવૃત્તિ આદરી સૌને સહાયભુત થઈ શતાબ્દિ વર્ષને ઉંબરે અવિરત પ્રયાણ કરી રહી છે. સંસ્થાને આવા ઉચ્ચ શિખરે પહોંચાડી મજબુત કરનાર મારા સૌ પુરોગામી મહાનુભાવોની કાર્યક્ષમતા અને અનન્ય સમજશકિત, મહેનત તથા નિ:સ્વાર્થ સેવા ભાવનાને બિરદાવતા હું અદ્વિતીય આનંદની અનુભૂતિ  કરી રહ્યો છું. તેઓ સર્વેના સુકૃતો પ્રગતિના પ્રત્યેક પગથિયે મારા માટે પ્રેરણાનો અપૂર્વ સ્ત્રોત બની રહેશે.

શ્રી પાટણ જૈન મંડળ જેવી માતબર સંસ્થાના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી પદે મને બિનહરીફ નિયુકત કરવા બદલ હું ધન્યતા અનુભવું છું. આજી-માજી ઉચ્ચ સમિતિના સભ્યો, ટ્રસ્ટીઓ, સખી દાતાઓ અને સમર્પિત કાર્યકરોને તથા કાર્યાલયના સભ્યોને હું બિરદાવ્યા વગર રહી શકતો નથી. વર્તમાન કાર્યકારી સમિતિમાં નિયુકત નવલોહિયા યુવાનો અને અનુભવની એરણે ઘડાયેલ સભ્યો તરફ સમાજની વિશેષ અપેક્ષા અને આશાઓ હોય તે સ્વાભાવિક છે અને તેથી જ તેમની જવાબદારી અનેકગણી વધી જાય છે.

વ્યવસ્થાપક સમિતિની તા.૨૨-૪-૨૦૦૯ ની સભામાં પ્રમુખ, માનવંતા પ્રમુખ, ટ્રસ્ટીઓ, ઉપપ્રમુખો, માનદમંત્રીઓ અને વિવિધ સમિતિઓના મંત્રીઓની સર્વાનુમતે નિમણુંક કરાઈ અને તા.૯-૫-૨૦૦૯ ના રોજ વિવિધ સભ્યોની સમિતિઓનું ગઠન જાહેર કરવામાં આવ્યું. સમિતિમાં જોડાયેલા સર્વ સભ્યોને હૈયાના ઉમળકાથી વધાવું છું, આવકારું છું અને નવી જવાબદારીઓ પ્રત્યે સતત જાગૃત રહી કાર્ય કરવાનું આહ્વાન કરું છું.

માળખાકીય પ્રકલ્પ અને અભિનવ વિચારધારા દ્વારા સમાજોત્થાનના વિવિધ કાર્યો કુનેહપૂર્વક કરવાની ક્ષણો આવી છે. સામાજિક સમસ્યાઓ માટે યોગાનુયોગ આપણો એક થવાનો યોગ આવ્યો છે.

આજે દેશવિદેશોમાં આર્થિક મંદી ઘેરી બનતી જાય છે ત્યારે આપણો સમાજ તેમાંથી અલિપ્ત ન જ રહી શકે. જુદી જુદી સહાયક પ્રવૃત્તિ પાછળ સંસ્થા સભ્યો માટે જરૂરિયાત મુજબ અંદાજે વર્ષે રૂપિયા એક કરોડ ખર્ચે છે, તેમાં શકયત: વધારો કરી અંદાજે **આ વર્ષે રૂપિયા બે કરોડ ખર્ચવાનું આયોજન ચોકકસપણે કરવું આવશ્યક છે.** સમાજની લાંબા ગાળાની જરૂરિયાતને લક્ષમાં રાખતા મબલખ નાણાંની આવશ્યકતા રહેશે. સુજ્ઞ દાનવીરોને નમ્ર વિનંતી કે, દાનગંગાનો અસ્ખલિત પ્રવાહ વહાવી "સમાજ વિકાસ ફંડ"ને છલકાવી દેશો. સહાયતાના યોગ્ય આયોજનાર્થે મંડળના કાર્યકર્તાઓ જરૂરિયાતમંદોના ઘેર રૂબરૂ મુલાકાત લઈ વિગતવાર સર્વે કરવાનું વિચારેલ છે. સહાયની અપેક્ષા રાખનાર સભ્યોને વિનંતી છે કે, તેઓના નામ-સરનામા અને સંપર્ક નંબર વ્યવસ્થિત રીતે સંસ્થામાં નોંધાવે. નબળી આર્થિક પરિસ્થિતિને પરિણામે એકપણ પટણીનો વિકાસ ન રુંધાય અને તે માનભેર સ્વાવલંબી બને તે જ મંડળનો મુખ્ય ધ્યેય રહેશે.

મુંબઈ તેમજ અન્ય શહેરોમાં આપણાં મિત્રમંડળોને આ ઉમદા અભિયાનમાં જોડાવા મારૂં આહ્વાન છે. આપના સાથ અને સહકારથી આ ભગીરથ કાર્યને વેગ મળશે અને અનેરી પારદર્શિતા આવશે.

ઉક્ત કાર્યમાં સહાયભુત થવા આપ સંસ્થાના કાર્યાલયનો અથવા મોબાઈલ નં. ૯૮૨૦૪ ૯૩૯૦૬ થી મારો સંપર્ક કરી શકશો.

સુસંસ્કૃત સમાજ માટે જરૂરિયાત પ્રમાણે આવા સ્તુત્ય પગલાં લેવા ઉત્કૃષ્ટ વિચારસરણી અમલમાં મુકવી જોઈએ. સંવેદનાની આંતરિક અનુભૂતિ, ઈચ્છાશકિત સ્વયમ્ આત્મસાત કરવાની ખેવના સફળતાને વરે છે. કાર્યશકિતનો યોગ્ય ઉપયોગ ચોકકસપણે લાભદાયક નીવડશે.

યુવાવર્ગમાં વિકસતી અને વધતી સમાજસેવાની રૂચિ-અભિરૂચિ સમાજ સેવાના નવા દ્વાર ખોલશે. વિવિધ સમિતિના સભ્યો, હોદ્દેદારો, સંસ્થાના કર્મચારીઓએ કટિબધ્ધ થઈ

નિષ્ઠાપૂર્વક સમાજલક્ષી સહાયના કાર્યો કરવા વધુને વધુ સમય ફાળવવો આવશ્યક છે. આવા ઉમદા આશયને અનુલક્ષીને આવતા એક વર્ષ માટે બહારગામના યાત્રા-પ્રવાસ તેમજ મનોરંજન પ્રોગ્રામોના આયોજનો વિશે વધુ ન વિચારવું યોગ્ય લેખાશે.

સમાજના વરિષ્ઠ સભ્યો માટે જીવન સૌરભ સમિતિએ, એક્યુપ્રેશર, મેડીકલ ચેકઅપ, યોગા, સંવાદ, તણાવ મુક્તિ તેમજ આધ્યાત્મ તરફી કાર્યક્રમોને અગ્રતાક્રમ આપવો એ વર્તમાન સમયની માંગ છે અને ઈચ્છનીય પણ છે.

શૈક્ષણિક ક્ષેત્રે વિવિધ અભ્યાસક્રમોની જાણકારી સમાજને ખાસ કરીને યુવાવર્ગને હાથવગી થાય તે માટે કાઉન્સેલીંગ કે સેમીનારો, મેડીકલ ક્ષેત્રે ડોકટરો, તજજ્ઞોનો વાર્તાલાપ યોજી **શિક્ષિત સમાજ-નિરોગી સમાજ**ના સુત્રને ધ્યાનમાં રાખી સ્થાનિક કક્ષાએ **પ્રોગ્રામ સમિતિ**ને સાથે રાખી સંયુકતપણે આયોજન કરી અમલમાં મુકાય તે મહત્વનું છે જેથી કાર્યનિર્માણ અંગેના નિર્ણય લેવામાં સુગમતા અને અનુકૂળતા રહે. પરસ્પરના સહયોગથી પ્રોત્સાહક પરિણામો અવશ્ય પ્રાપ્ત થશે.

બદલાતા સમય, સંજોગ અને સમીકરણોને અનુલક્ષીને જરૂરિયાત મુજબ વિવિધ સમિતિઓની રચના કરવાનો પ્રયત્ન કરેલ છે. દરેક સભ્યો વધુને વધુ સમય ફાળવી યોગદાન આપી શકે તે આશયે કોઈપણ સભ્ય બે થી વધુ સમિતિઓમાં ન રહે અને આવી સમિતિઓને ટ્રસ્ટી કે ઉપપ્રમુખો માર્ગદર્શન આપવા નેતૃત્વ કરે એવું કંઈક વિચારી શકાય.

શ્રી પાટણ જૈન મંડળની સ્થાનિક તેમજ પાટણની સ્થાવર અસ્કયામતોની જાળવણી અને દેખરેખ માટે ચોકકસ ગતિવિધિ અને ગોઠવણ પણ વિચારાધિન છે. દિશા સૂચન અભિગમ દ્વારા લોકોની આશા અને અપેક્ષાઓ સુધી પહોંચવાના નિરંતર પ્રયત્નો ચાલુ જ રહેશે, જે સબંધોના બંધ અને ઋણાનુબંધ સુગઠિત અને મજબુત રાખી શકે. આપણી જીવન શૈલી જીવનની જ સાંકેતિક પરિભાષા છે. હકીકતમાં સમાજસેવા અને વિકાસના પ્રોત્સાહનાર્થે સૌ કટિબધ્ધ બની આઘાત કે પ્રત્યાઘાત ન આપતાં સક્રિય થઈ સમર્પિત પરિશ્રમના શ્રીગણેશ કરીએ. પ્રગતિ કે પ્રેમ બંધિત કે પ્રતિબંધિત ન જ હોઈ શકે !

તા.૧૫ મી ઓગષ્ટ ૨૦૦૯ ના રોજ વાર્તાલાપ રાખવાનો કાર્યક્રમ વિચારણા હેઠળ છે. જેનો THEME હશે. VISION & MISSION for SHREE PATAN JAIN MANDAL ઉકત કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા સંસ્થાના સભ્યોને નમ્ર વિનંતી કે આપ આ બાબતે સંસ્થાના કાર્યાલયમાં સંપર્ક કરે !

આગામી થોડા સમયમાં શ્રી પાટણ જૈન મંડળની એક વેબસાઈટ બનાવવાનું પણ વિચારેલ છે, જે વિસ્તારપૂર્વકનું માહિતિસભર કોમ્યુનિટી પોર્ટલ હશે. વેબસાઈટ ડીઝાઈનીંગ માટેનું જ્ઞાન અને રસ ધરાવતી વ્યકિતઓને તાત્કાલિક સંસ્થાના કાર્યાલયમાં શ્રી મનુભાઈ જોશીનો સંપર્ક સાધવા વિનંતી, જેથી તેમની સેવા લઈ સંસ્થા માટે યથાયોગ્ય પોર્ટલ બનાવી શકાય.

તા.૧૦-૫-૨૦૦૯ ના રોજ મધર્સ ડે ઉજવાઈ ગયો. જગતભરની તમામ જનેતા જનનીઓને HAPPY MOTHER'S DAY !

આભાર... **દિનેશ રસિકલાલ શાહ**
પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓના અરજીફોર્મ તથા સહાય મેળવવા માટેની વ્યવસ્થા

ધો.૧ થી કોલેજ તથા ત્યાર પછીના ડીગ્રી-ડીપ્લોમા અભ્યાસ કોર્ષ માટેની દરેક શિક્ષણ સહાય, કોમ્પ્યુટર, પોસ્ટ ગ્રેજ્યુએશન, હાયર એજ્યુકેશન, પરદેશ અભ્યાસ, ટયુટોરીયલ વર્ગ ફી, સી.એ. કોર્ષ વગેરે શિક્ષણ ક્ષેત્રના તમામ અભ્યાસક્રમમા શિક્ષણ સહાય, ભાડા રાહત, આર્થિક સહાય, સીનીયર સીટીઝન-વૃધ્ધજન સહાય, મેડીકલ ક્ષેત્રે, ડોકટરે લખી આપેલ દવાઓ તથા ઈન્વેસ્ટીગેશન નિદાન માટે કેન્સર, નેત્ર, હાર્ટ સર્જરી, મેડીકલેઈમ વિગેરે ઉપરાંત મહિલા ઉત્કર્ષ તથા વિકલાંગ ઉત્કર્ષ જેવી દરેક પ્રકારની સહાય માટે મંડળ સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને સહાયક થાય છે. **સહાયની વિગતો એકદમ ખાનગી રાખવામાં આવે છે. જેથી દરેકે તેનો વિનાસંકોચે લાભ લેવા વિનંતી છે.**

સંસ્થાએ સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને, વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેડીકલ ક્ષેત્રે તથા શિક્ષણ ક્ષેત્રે વધુમાં વધુ સહાયક થવાની નૂતન યોજનાઓ તૈયાર કરેલ છે. જેનો બહોળા પ્રમાણમાં લાભ લેવાય તે માટે સંસ્થાના મુખ્ય કાર્યાલયમાંથી વિગતો સમજી લેવા વિનંતી છે. શિક્ષણ ક્ષેત્રના નૂતન અભિગમ અને ક્રાંતિકારી પરિવર્તનથી દરેક વિદ્યાર્થી ગ્રેજ્યુએટ કે ડીપ્લોમાનો અભ્યાસ પૂર્ણ કરે તે માટેના સંસ્થાના આયોજનોને સાકાર કરવાના મહત્તમ પ્રયાસો કરવામાં આવેલ છે. આ પ્રકારના દરેક સહાયના અરજીપત્રકો નીચેના સ્થળેથી મેળવી શકાશે.

ઉપરોકત દર્શાવેલ વિવિધ પ્રકારની આર્થિક સહાય યોજનાઓનો લાભ લેવા ઈચ્છતા ભાઈ-બહેનોને તેમના ફોર્મ ભરીને, મંડળના કાર્યાલયમાં **તા.૧૫-૬-૨૦૦૯ સુધીમાં** મોકલી આપવા અનુરોધ છે.

**૧. શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય :**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦.
સમય : ૧૦.૩૦ થી ૧.૩૦
બપોરે ૨.૩૦ થી ૬.૦૦ ફોન : **૨૨૮૧૧૩૪૬, ૨૨૮૧૧૨૧૮**

**૨. શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય**
રૂ૫મ, ગ્રાઉન્ડ ફલોર, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૨. સમય : ૧૦.૦૦ થી ૧.૦૦ બપોરે ૪.૦૦ થી ૭.૦૦
ફોન : **૨૮૭૭૬૦૯૦**

**૩. શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય**
બ્લોક નં.૧, ગ્રાઉન્ડ ફલોર, એ-૨૩, રતનનગર, ડી.એન.દુબે માર્ગ, બોરીવલી-ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૮.
સમય : સવારના ૧૦.૦૦ થી ૧.૦૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦
ફોન : **૨૮૯૧ ૧૩૦૮**

**૪. શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય**
ઠે. શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પીપળા શેર, પાટણ (ઉ.ગુજરાત), પિન - ૩૮૪૨૬૫. ફોન : **૨૨૦૭૧૫**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

સંપાદકીય......✍

## અજવાળુ કરે તે આદિત્ય,
## જીવન સુધારે તે સાહિત્ય

ધારા નગરીના રાજા ભોજની સભામાં અનેક દેશોના પંડિતો ભેગા થયાં હતા. તેમાં ચર્ચા ચાલતી હતી કે, "આદિત્ય અને સાહિત્ય" બેમાંથી જીવનને કોણ અજવાળે ? લગભગ બધા પંડિતો, આ વિષય પર વાદવિવાદ કરતાં હતા. આઠેક પંડિતોની સાથે ચર્ચા કર્યા બાદ જયારે કોઈ ભારવીનો વારો આવ્યો ત્યારે તેઓ માત્ર થોડાંક જ શબ્દોમાં બોલી ઉઠયા કે, "અજવાળું કરે તે આદિત્ય, જીવન સુધારે તે સાહિત્ય."

આ જવાબ સાંભળતાં જ રાજા ભોજ, સૌ પંડિતો તથા સભાજનો આનંદવિભોર બની ગયા. પછી આગળ વધારે ચર્ચા કરવાનો અવકાશ જ ન રહેતા રાજા ભોજે કવિ ભારવીનું આદરપૂર્વક સન્માન કર્યુ. કવિ ભારવિના આવાં જ કંઈક વિચારો સાથે સહમત થતાં હોય તેમ બર્ટ્રાન્ડ રસેલ જેવા મહાન લેખક, ફિલોસોફર શું કહે છે તે તેમનાં જ શબ્દોમાં આપણે જોઈએ અને સમજવાનો પ્રયત્ન કરીએ - હું એ દિવસોની રાહ જોઉ છું, જયારે દિવાનખાનાના ફરનીચર જેટલી જ સત્વશીલ સાહિત્યની જરૂર ગણાશે. મારે મન સાહિત્ય એ વ્યકિતના સાચા સંસ્કારનો માપદંડ છે. કોઈપણ દિવાનખાનાની અંદર પ્રવેશ કરું ત્યારે સૌથી પહેલાં ત્યાં પડેલા સામાયિકો અને પુસ્તકો તરફ નજર નાખી લઉ છું. વિનય, વિવેક, પ્રફુલ્લતા, નિષ્ઠા આ બધાનું મૂલ્ય છે જ પણ આ ગુણોના વર્ધનમાં સત્સાહિત્ય જેટલું ઉપકારક પરિબળ બીજુ નથી. જે લોકો શબ્દની શકિત પ્રમાણે છે, તેમના માટે સારાં પુસ્તકો એક મહત્વની મૂડી બની જાય છે. પોતે તો મહાન મૂડીનો ઉપયોગ કરે જ છે, એ સાથે પોતાના મિત્રો, સ્વજનો અને પરિવારને પણ એનો લાભ આપે છે. - બર્ટ્રાન્ડ રસેલ.

આ રીતે જ આપણું મુખપત્ર 'પાટણ પ્રતિબિંબ' એ માત્ર થોડાક કાગળના પૃષ્ઠો... થોડી શાહી વડે લખાયેલા અક્ષરો ન રહેતાં, પાટણ જૈન સમાજની વૈવિધ્યભરી, જીવન પ્રેરક અને પોષક એવી વાંચન-વાનગીનો રસથાળ લઈને, વિશિષ્ઠ પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ ઝીલે છે.

વાંચવું એટલે જ વિકસવું, વાંચન આખરે તો સ્વને, પોતાના જીવન સાથે જોડે છે. એ વિના વાંચન કશાય કામનું નહિ. આપણે સૌની જીવનયાત્રાને અજવાળું આપી, સુધારવાનું કામ કરી આપે તેવા ઉત્તમ પ્રકારના સાહિત્ય સર્જકોને પાટણ પ્રતિબિંબ હાર્દિક ઈજન આપે છે. સ્કુલ-કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓને પણ લક્ષમાં રાખ્યાં છે. વર્તમાન કાળમાં અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લઈ રહેલી આપણી નવી પેઢીને કેમ ભૂલી શકાય. તેઓ પણ પાટણ પ્રતિબિંબને પોતાનું આત્મીય બનાવી શકે અને સમાજના પરિવારો સાથેનો મૈત્રી સંબંધ પણ કેળવી શકે તેવી અમોને આશા છે. જે મિત્રો ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષા પર સારું પ્રભુત્વ ધરાવતાં હોય તે સૌ મિત્રો પોતાની સારી કૃતિ લખીને અમોને મોકલી શકે છે.

મોગલ ગાર્ડનમાં ફરવા નિકળ્યા હોઈએ, તો જાતજાતના વિવિધ રંગબેરંગી ફુલોથી સભર રંગલીલા મનને ટાઢક આપે છે, તાજગી આપે છે. તેવી જ રીતે સૌ વાચક મિત્રોના મનહૃદયમાં મહોરી, ગુંજી રહે તેવી સામગ્રી આપવાની સંપાદક સમિતિની નેમ છે. બસ, જોઈએ માત્ર આપ સૌનો સાથ અને સહકાર.

દેવગુરૂભગવંતના આશીર્વાદથી, મા સરસ્વતીની અસીમ કૃપાથી તથા આપ સૌના પ્રેમ અને લાગણી સાથે ફરી એકવાર પાટણ પ્રતિબિંબના ગૌરવવંતા સ્થાન પર અમારી નિમણુંક કરવામાં આવી છે, તે બદલ મંડળના નવા વરાયેલા આદરણીય પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ તથા અન્ય સર્વે પદાધિકારીઓ અને કારોબારી સમિતિના સભ્યોનો અંતઃકરણપૂર્વકનો ઋણ સ્વીકાર કરૂં છું અને આ વર્ષે પણ ફરીથી અમારી સાથે જોડાયેલા સંપાદક સમિતિના અન્ય મિત્રોનો પણ સંપૂર્ણ સાથ-સહકાર મળશે, તેવી અમને ખાત્રી છે.

❒ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**
**શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ**

● ● ●

## અભિનંદન

મારફતીયા મહેતાના પાડાના શ્રી પ્રવીણભાઈ અને શ્રીમતી શારદાબેનની પૌત્રી કુ.કાજલ વિપુલભાઈ શાહ ( ૧૩ વર્ષ ) નો તા.૧-૫-૨૦૦૯ ના રોજ ભાઈદાસ સભાગૃહ, વિલેપાર્લે ખાતે (ભારત નાટયમ્ ) આરંગેત્રમનો કાર્યક્રમ યોજાઈ ગયો. હાલ ગોરેગામ રહેતા શ્રીમતી ધર્મિષાબેન અને શ્રી વિપુલભાઈની આ પુત્રીએ ચાર વર્ષની નાની ઉંમરથી કલા સાધના ચાલુ કરી શાળા તથા બીજી સંસ્થાઓમાં ભાગ લઈ ટ્રોફીઓ મેળવી છે. કુ. કાજલને હાર્દિક અભિનંદન.

**નિમિત્ત – અપરિણીત યુવક-યુવતી પરિચય બુક**
પાના નં. ૧૩ ● મહાલક્ષ્મી માતાનો પાડો
**નેહા મહેન્દ્રભાઈ રતીલાલ શાહ** ( વાલકેશ્વર)
જન્મ તારીખ : ૯ એપ્રિલ ૧૯૮૫
**Job : Adv. Agency ● Qualification : H.S.C.**
**Phone : 2369 9154 ● Mobile : 98336 53036**


**SHAH INTERIORS**
**MAULIK SHAH**
**Interiors Designing & Consultant**
**For Planing, Execution & Designing in 3D & 2D in your Budget and also Free lancing**
**Contact No. : Tel. : Off.: 022-2362 5872**
**Mobile : 99207 87614**

# એકસરસાઈઝ નોટબુક

**શ્રી પાટણ જૈન મંડળ** અને **સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ**ના સંયુકત ઉપક્રમે દર વર્ષે વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉત્તમ કવોલીટીની નોટબુકોનું રાહતના દરે મંડળ દ્વારા પાટણ, પુના, મુંબઈ તથા તેના ઉપનગરોના વિવિધ મિત્રમંડળો, કાર્યકરોના સહકારથી વિતરણ કરવામાં આવે છે. તે પ્રમાણે સને ૨૦૦૯ ના વર્ષ માટે નોટબુકોની વહેંચણીનું કાર્ય મંડળના કાર્યાલયમાંથી અને નીચે મુજબના વ્યવસ્થા કેન્દ્રો પરથી **મે માસના છેલ્લા સપ્તાહથી હાથ ધરાશે.** તો દરેકે આપના નજદિકના વિસ્તારના વિતરણ કેન્દ્રનો વહેલી તકે સંપર્ક સાધી નોટબુક મેળવી લેવા વિનંતી.

**❖ જમ્બો નોટબુક ( પાકું પુઠું ) ૨૦૦ પાના રૂા.૧૦૦/-** **❖ લોંગ બુક ૨૦૦ પાના રૂા.૧૨૫/-**

- ✦ સમાજના વિદ્યાર્થીએ નોટબુક મેળવવા માટે છેલ્લી / આગલી વાર્ષિક પરીક્ષાના પરિણામની **ઝેરોક્ષ ફરજીયાત સાથે લાવવી.**
- ✦ પરિણામની ઝેરોક્ષ પાછળ વિદ્યાર્થીનું પુરૂં નામ, સરનામું, ઉંમર, ધોરણ, પાટણનો મહોલ્લો લખવું જરૂરી છે.
- ✦ એક વિદ્યાર્થીને વધુમાં વધુ બે ડઝન નોટબુક આપવામાં આવશે.

દરેકે મોડામાં મોડું **તા.૧૫-૬-૨૦૦૯** સુધીમાં નોટબુક મેળવી લેવાની રહેશે. **ત્યારબાદ નોટબુક હશે તો પડતર ભાવે અપાશે.**

## : વ્યવસ્થા કેન્દ્રો :

### ❖ મરીન ડ્રાઈવ
**શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ,
મુંબઈ-૪૦૦૦૨૦ ફોન : ૨૨૮૧ ૧૩૪૬ / ૨૨૮૧ ૧૨૧૮

### ❖ બોરીવલી
**શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય**
પ્લોટ નં.એ-૨૩, રતનનગર, ગ્રાઉન્ડ ફલોર,
દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી-ઈસ્ટ,
મુંબઈ-૪૦૦૦૬૮, ફોન : ૨૮૯૧ ૧૩૦૮
સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦, બપોરે ૩.૦૦ થી ૬.૦૦

### ❖ ગોરેગામ
**શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય**
રૂપમ, ગ્રાઉન્ડ ફલોર, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ-વેસ્ટ,
મુંબઈ-૪૦૦૦૬૨ ફોન : ૨૮૭૭ ૬૦૯૦
સમય : સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ બપોરે ૪.૦૦ થી ૭.૦૦

### ❖ પાટણ
**શ્રી પાટણ જૈન મંડળ - પાટણ**
C/O. શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ
પીપળાશેર, પાટણ (ઉ.ગુજરાત), ફોન : ૨૨૦૭૧૫

### ❖ પુના
**શ્રી બિરેનભાઈ કિશોરચંદ્ર શાહ**
૩૬૨, બુધવાર પેઠ, પુના-૪૧૧૦૦૨ ફોન : ૨૪૪૫ ૪૫૬૩

### ❖ અંધેરી
**શ્રી બિપીનભાઈ જયંતીલાલ ઝવેરી**
સી-૭, આદિત્ય એપાર્ટમેન્ટ, જુના નાગરદાસ રોડ,
અંધેરી-ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૯ ફોન : ૨૬૮૩ ૨૦૩૭

### ❖ વિલેપાર્લે
**શ્રી અરવિંદભાઈ મંગલદાસ શાહ**
બ્લોક નં.૭, આશિયાના, પહેલે માળે,
વિલેપાર્લે-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૬ ફોન : ૨૬૧૪ ૮૯૬૦
**શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ**
બ્લોક નં.૧૦, બીજે માળે, વિભાવસુ,
તેજપાલ રોડ, વિલેપાર્લે-ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૭.
ફોન : ૨૬૧૧ ૪૧૨૧ / ૨૬૧૧ ૪૭૬૫

### ❖ મલાડ
**શ્રી વિપીનભાઈ મફતલાલ શાહ**
૨૦૫-બી, નોર્થ એવન્યુ એપાર્ટમેન્ટ,
આદર્શ વિહાર કોમ્પલેકસ, ઓફ માર્વે રોડ,
મલાડ-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૪ ફોન : ૨૮૦૭ ૦૩૩૮

### ❖ ભાયંદર
**શ્રી નિલેશભાઈ કાંતીલાલ શાહ** ( રાણીવાળા)
૭-બી, સર્વોદય એપાર્ટમેન્ટ, નારાયણ નગર ક્રોસ રોડ,
સુદામા ટાવર (દેરાસર)ની બાજુમાં, ભાયંદર-વેસ્ટ,
ફોન : ૨૮૦૪ ૭૭૩૭, ૨૮૧૮ ૧૮૬૧
સમય : સવારે ૧૧.૦૦ થી ૧.૦૦

### ❖ ઘાટકોપર
**શ્રી ચંદ્રકાંતભાઈ પોપટલાલ શાહ**
સ્વસ્તિક સોસાયટી, બી-૭૩, પંકજ બિલ્ડીંગ
ત્રીજે માળે, એલ.બી.શાસ્ત્રી માર્ગ,
ઘાટકોપર-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૮૬
ફોન : ૨૫૧૫ ૧૮૨૭

**❑ શિક્ષણ સમિતિ, શ્રી પાટણ જૈન મંડળ**


લગ્ન પ્રસંગે તેમજ નાના મોટા શુભ પ્રસંગોએ ઉત્તમ સર્વિસ સાથે
સંતોષજનક તથા વ્યાજબી ભાવે જમણવાર - કેટરીંગ કરી આપીશું.
**સાગર કેટરર્સ**
(જૈન આહારના સ્પેશ્યાલીસ્ટ)
ચન્દ્રમણિ, ૭૮૮, હનુમાન રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭
: 98200 75788(ગણપતભાઈ) : 93222 63603 (પ્રકાશભાઈ)
☎ ઓફિસ : 26117310 / 3297 0445 ✦ ઘર : 2683 1483

કુદરતી, નયનરમ્ય, ફરવાનું સ્થળ એટલે
**ચેતક ફાર્મ હાઉસ**
મુંબઈથી માત્ર ૮૦ કિ.મી. દુર, દહાણુંથી નજીક,
૭ થી ૮ એ.સી. રૂમ, સ્વાદિષ્ટ ભોજનની સગવડ સાથે.
**બુકીંગ માટે સંપર્ક :**
નિરજ શાહ - ૯૮૨૦૩ ૮૧૬૪૪
વિક્રમ શાહ - ૯૮૨૦૭ ૬૪૭૦૪

# શ્રી પાટણ જૈન મંડળ

## નવા હોદ્દેદારો તથા વિવિધ સમિતિઓ

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિની મળેલ સભાએ મંડળના બંધારણ અને ધારાધોરણ મુજબ સને ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ તથા સને ૨૦૦૧-૧૨ ના ત્રણ વર્ષ માટે નીચે મુજબના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, મંડળની વિવિધ પ્રવૃત્તિઓના સરળ સંચાલન માટે તેના માનદમંત્રી તથા સમિતિઓની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ છે. તે સર્વ માનવંતા હોદ્દેદારો તથા સભ્યોને આવકારતા હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન.

મંડળની સમાજ ઉત્કર્ષની રચનાત્મક પ્રવૃત્તિઓમાં અને તેની પ્રગતિમાં સર્વે હોદ્દેદારો તરફથી સક્રિય સહકાર અને સેવાઓ સાંપડશે, તેવો વિશ્વાસ છે.

### ટ્રસ્ટ બોર્ડ :

શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ - મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ - ટ્રસ્ટી
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ - ટ્રસ્ટી
શ્રી નવીનચંદ્ર ખુબચંદ શાહ - ટ્રસ્ટી
શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ - ટ્રસ્ટી
શ્રી મહેન્દ્રભાઈ શાંતીલાલ શાહ - ટ્રસ્ટી
શ્રી અરવિંદભાઈ જીવાભાઈ શાહ - ટ્રસ્ટી

### હોદ્દેદારો :

શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ - પ્રમુખ
શ્રી જે. કે. શાહ - માનવંતા પ્રમુખ
શ્રી ભરતભાઈ નેમચંદ શાહ - ઉપપ્રમુખ
શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ - ઉપપ્રમુખ
શ્રી તુષારભાઈ પ્રવીણભાઈ શાહ - ઉપપ્રમુખ
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ - માનદમંત્રી(એડમીનીસ્ટ્રેશન)
શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ - માનદમંત્રી(એડમીનીસ્ટ્રેશન)
શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ - માનદમંત્રી(એડમીનીસ્ટ્રેશન)
શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ - માનદમંત્રી(ફાઈનાન્સ)
શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ - માનદમંત્રી(ફાઈનાન્સ)
શ્રી મુકેશભાઈ દિલીપભાઈ શાહ - માનદમંત્રી(ફાઈનાન્સ)

### સંપાદક સમિતિ :

શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ - માનદમંત્રી
શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ - માનદમંત્રી
શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ
શ્રીમતી જીમ્મીબેન તરંગકુમાર શાહ
શ્રી જયરાજભાઈ ડાહ્યાભાઈ શાહ
શ્રી પ્રફુલભાઈ કાંતીલાલ ખેમચંદ
શ્રી કીર્તિલાલ જેશીંગલાલ ઝવેરી
કુ. સ્વાતીબેન લલીતચંદ્ર કાપડીયા
શ્રી સુરેશભાઈ સુરજમલ ચોધરી

### શિક્ષણ સમિતિ :

શ્રી ભરતભાઈ સારાલાલ શાહ - માનદમંત્રી
શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ - માનદમંત્રી
શ્રીમતી જીમ્મીબેન તરંગકુમાર શાહ - માનદમંત્રી
શ્રી પંકજભાઈ પનાલાલ શાહ
શ્રી દિનેશભાઈ શાંતીલાલ રીખવચંદ
શ્રી પૃથ્વીરાજ સી. શાહ
શ્રી જતીનભાઈ ચંદ્રકુમાર ઝવેરી
શ્રી રાજેશભાઈ ચીમનલાલ શાહ
શ્રી ભરતભાઈ લક્ષ્મીચંદ શાહ
શ્રી મુકેશભાઈ લલીતકુમાર શાહ
શ્રીમતી સાધનાબેન મહેન્દ્રકુમાર શાહ
શ્રી શેતલકુમાર કિરીટભાઈ શાહ
શ્રી જગદીશભાઈ મણીલાલ સંઘવી
શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ
દાતા પ્રતિનિધિઓ

### મેડીકલ સમિતિ :

શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ - માનદમંત્રી
શ્રી સુરેશભાઈ નેમચંદ શાહ - માનદમંત્રી
શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ
શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ
શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ
શ્રી નરેન્દ્રભાઈ કાંતીલાલ શાહ
શ્રી અતુલભાઈ કીર્તિલાલ શાહ
શ્રી જતીનભાઈ ચંદ્રકુમાર ઝવેરી
શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ
શ્રી શૈલેષભાઈ રમણલાલ શાહ
શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહ
શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ
શ્રી સુધીરભાઈ રમણલાલ શાહ - મેડીકલેઈમ
શ્રી પ્રભાકરભાઈ મણીલાલ શાહ - મેડીકલેઈમ
દાતા પ્રતિનિધીઓ

### મેડીકલ સેવા સમિતિ :

શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ - માનદમંત્રી
શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહ - માનદમંત્રી
શ્રી પ્રકાશભાઈ લાભચંદ શાહ - માનદમંત્રી
શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ

### સમાજ વિકાસ સમિતિ :

શ્રી અભયભાઈ જયંતીલાલ પટણી - માનદમંત્રી
શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ - માનદમંત્રી
શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ - માનદમંત્રી
શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ
શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ

શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ
શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)
શ્રી અમીતભાઈ ચંદ્રકાંત શાહ
શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ
શ્રી સુરેશભાઈ નેમચંદ શાહ
શ્રી જતીનભાઈ ચંદ્રકુમાર ઝવેરી
શ્રી શૈલેષભાઈ રમણલાલ શાહ
શ્રી અરવિંદભાઈ જેશીંગલાલ શાહ
શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ શાહ
શ્રીમતી ગીતાબેન કિરીટભાઈ શાહ
શ્રી નિલેશભાઈ કાંતીલાલ શાહ
શ્રી જિતેન્દ્ર (નાનુભાઈ) શાંતીલાલ શાહ
દાતા પ્રતિનિધીઓ

## પ્રોગ્રામ સમિતિ :

શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ - માનદમંત્રી
શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ - માનદમંત્રી
શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ - માનદમંત્રી
શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ
શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ
શ્રી જયોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા
શ્રી જતીનભાઈ ચંદ્રકુમાર ઝવેરી
શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ
શ્રી નિખીલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર
શ્રી ભદ્રકાંત પ્રેમચંદ શાહ
શ્રી પુનીતભાઈ સૂર્યકાંત શાહ
શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ
શ્રીમતી અલ્પાબેન વિનેશકુમાર શાહ
શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ
શ્રીમતી મિનાક્ષીબેન કીર્તિલાલ શાહ
શ્રીમતી પ્રજ્ઞાબેન કિરીટભાઈ શાહ
શ્રીમતી દીનાબેન ચંદ્રકાંત શાહ
શ્રી જનકભાઈ મહાસુખલાલ શાહ
શ્રી પંકજભાઈ સારાભાઈ શાહ
દાતા પ્રતિનિધીઓ

## જીવન સૌરભ સમિતિ :

શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ - માનદમંત્રી
શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ - માનદમંત્રી
શ્રી જયોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા - માનદમંત્રી
શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ
શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ
શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ
શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ
શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ
શ્રી ભરતભાઈ લક્ષ્મીચંદ શાહ
શ્રી નિતીનભાઈ રમણલાલ પટણી

શ્રી પ્રવીણભાઈ નવીનચંદ્ર શાહ
શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહ
શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ
શ્રી નિર્મલભાઈ હરસુખલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ લાભચંદ શાહ
શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ
શ્રીમતી મીનાક્ષીબેન કીર્તિલાલ શાહ
શ્રીમતી હિનાબેન યશમુખલાલ શાહ
શ્રી નિલેશભાઈ કાંતીલાલ શાહ
શ્રી જનકભાઈ મહાસુખલાલ શાહ
શ્રીમતી કલ્પનાબેન દિનેશભાઈ શાહ
શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ
શ્રીમતી પ્રજ્ઞાબેન કિરીટભાઈ શાહ

## વિકલાંગ ઉત્કર્ષ સમિતિ :

શ્રીમતી પ્રમીલાબેન ભદ્રકુમાર શાહ - માનદમંત્રી
શ્રીમતી હિનાબેન યશમુખભાઈ શાહ - માનદમંત્રી
શ્રી ભદ્રકાંત પ્રેમચંદ શાહ - માનદમંત્રી
શ્રી પંકજભાઈ પનાલાલ શાહ
શ્રી નરેશભાઈ રમણલાલ શાહ
શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ
શ્રી યશમુખલાલ ડાહ્યાલાલ શાહ
શ્રીમતી અલ્પાબેન વિનેશકુમાર શાહ
શ્રીમતી સુચેતાબેન નિલેશકુમાર શાહ
શ્રી સેવંતીલાલ દલપતચંદ શાહ
શ્રીમતી ભાવનાબેન કમલભાઈ શાહ
શ્રી રમેશભાઈ ચીમનલાલ શાહ
શ્રીમતી ભદ્રાબેન ચંદ્રકાંત શાહ
શ્રીમતી જયોત્સનાબેન એન.મોદી
ડૉ. સરોજબેન એમ. સંઘવી
દાતા પ્રતિનિધીઓ

## મકાન–પ્રોપર્ટી એડમીનીસ્ટ્રેશન સમિતિ:

શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ - માનદમંત્રી
શ્રી રાજકુમાર નવીનચંદ્ર શાહ - માનદમંત્રી
શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ
શ્રી રાજીવભાઈ કેશરીચંદ શાહ
શ્રી નિખીલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર
શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ

## જીવન મહેક સમિતિ :

શ્રી નિતીનભાઈ રમણલાલ પટણી - માનદમંત્રી
શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહ - માનદમંત્રી
શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ - માનદમંત્રી
શ્રી જયરાજભાઈ ડાહ્યાભાઈ શાહ
શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ
શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ
શ્રી મુકેશભાઈ લલીતભાઈ શાહ

## સ્પોર્ટસ સમિતિ :

શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ - માનદમંત્રી
શ્રી પ્રવીણભાઈ નવીનચંદ્ર શાહ - માનદમંત્રી
શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ - માનદમંત્રી
શ્રી પુનીતભાઈ સૂર્યકાંત શાહ
શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રી રાજીવભાઈ કેશરીચંદ શાહ
શ્રી નેહલભાઈ સુંદરલાલ શાહ
શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ
શ્રી શિરીષભાઈ હરસુખલાલ શાહ
શ્રી જતીનભાઈ કીર્તિકુમાર શાહ
શ્રી જૈનિકભાઈ નિતીનભાઈ શાહ
શ્રી પિયુષભાઈ સુરેશચંદ્ર જૈન
શ્રી મિલનકુમાર બિપીનભાઈ શાહ

❒ **શ્રી પાટણ જૈન મંડળ**

## કોલેજ પ્રવેશમાં ઉપયોગી માઈનોરીટી અથવા ગુજરાતી હોવાનું સર્ટીફીકેટ

સમાજના એસ.એસ.સી. / એચ.એસ.સી. માં પાસ થનાર વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ મેળવવા માટે મુંબઈની કેટલીક શાળા-કોલેજોમાં ગુજરાતી હોવા અંગેનું ગુજરાતી સર્ટીફીકેટ અથવા માઈનોરીટી સર્ટીફીકેટની જરૂરત રહે છે. તેના અનુસંધાનમાં શ્રી પાટણ જૈન મંડળમાં પુરૂનામ, સરનામું, પાટણનો મહોલ્લો વિ.વિગતોસહ અરજી કરનાર પાટણ સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉપરોકત સર્ટીફીકેટ આપવામાં આવે છે, તો જરૂરતમંદ પરિવારોએ વહેલી તકે અરજી સાથે મંડળના મુખ્ય કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી. ❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## વેબસાઈટ એક માહિતિસભર કોમ્યુનિટિ પોર્ટલ

આધુનિક યુગની માંગને અનુલક્ષીને શ્રી પાટણ જૈન મંડળની એક વેબસાઈટ બનાવવાની વિચારણા પ્રાથમિક તબકકામાં છે. આ પોર્ટલમાં શું શું આવી શકે તે આપ સૌની જાણ ખાતર !

- પાટણ વિશેની તેમજ શ્રી પાટણ જૈન મંડળ અને અન્ય પાટણની સંસ્થાઓની પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી હશે.
- ઓર્ડીનરી અને લાઈફ મેમ્બરશીપ માટે ઓનલાઈન એપ્લીકેશન કરી શકાશે.
- મેનેજીંગ કમિટીના મેમ્બર બનવા ડોનેશન આપી શકાશે.
- દાનગંગાના પ્રવાહો : દાન અને સહાય આપવા માટેનું ઓનલાઈન PAYMENT GATEWAY હશે.
- સહાયતા માટેની વિવિધ યોજનાઓના ફોર્મ વેબસાઈટ પર ઓનલાઈન ભરી શકાશે.
- સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અને સભાઓ વિશેની માહિતી મેળવી શકાશે.
- ઘર, પુસ્તકો, ફર્નીચર વિગેરે માટે ખરીદી / વેચાણનું તેમજ એમ્પલોયમેન્ટ અને મેટ્રીમોનીયલ પોર્ટલ પણ હશે.
- કોઈપણ પટણી વિશેની ફોટા સાથે વિગતવાર માહિતી મેળવી શકાશે.
- MIND- BODY- SOUL તેમજ જૈન ધર્મને લગતી વિવિધ સાઈટની લીંક પણ હશે.
- પાટણ પ્રતિબિંબ પણ તેમાં UPLOAD કરી શકાશે.
- Address Directory (વસતીપત્રક)ની મદદથી પુરૂષ, સ્ત્રી, ઉંમર, ભણતર, બ્લડ ગ્રુપ, મહોલ્લો, શહેર, રહેઠાણ, ધંધા વિગેરેની જરૂરિયાત પ્રમાણે પટણીઓનું LIST બનાવી શકાશે. તેનો Match Making માટે પણ ઉપયોગ કરી શકાશે.
- વિવિધ પ્રસંગો માટેના મહેમાનોનું લીસ્ટ તથા તેઓના સરનામાવાળા લેબલ પણ પ્રિન્ટ કરી શકાશે.

વેબ ડીઝાઈનીંગ માટેનું જ્ઞાન આપશ્રીને હોય તો ચોકકસપણે સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી. જેથી સંસ્થા માટે સારામાં સારું અભિનવ પોર્ટલ બનાવી શકાય. ❒ **શ્રી પાટણ જૈન મંડળ**

## જૈન વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓને શિક્ષણ માટે સહાય કરતી સંસ્થાઓની યાદી

✦ શ્રી લહેરચંદ ઉત્તમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ - મે. બાટલી બોય કું. લિ., એપીજય હાઉસ, એપોલો સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧

✦ શ્રીકીલાચંદ દેવચંદ ચેરીટી ટ્રસ્ટ, ધર્મ વિજય એજન્સી, ૭/૧૯, એપોલો સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૧ ( જૈન હાઈસ્કુલના વિદ્યાર્થીઓ માટે)

✦ શ્રી દીપચંદ ગાર્ડી સોશ્યલ એન્ડ રીલીજીયસ ચેરીટેબલ ટ્રસ્ટ ૩, ઉષાકિરણ, એમ.એલ.દહાણુકર માર્ગ, મુંબઈ-૪૦૦૦૨૬

✦ શ્રી ભગુભાઈ ફતેહચંદ સ્કોલરશીપ, શકુંતલા જૈન ગર્લ્સ હાઈસ્કુલ, મરીન લાઈન્સ, ૩૮, કવીન્સ રોડ, મુંબઈ-૨

✦ શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ, ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે, ૨૧૯-એ, કીકાસ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨

✦ જૈન કેળવણી મંડળ, તાપી ભવન, ૧૪, મર્ઝબાન રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧

✦ જૈન વિદ્યોત્તેજક ફંડ, ૨૨, એપોલો સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૧

✦ શાહુ જૈન ટ્રસ્ટ, ૯, અલીપુર પાર્ક, પેલેસ રોડ, કલકત્તા-૩૩૦૦૨૭

✦ સારાભાઈ વીરચંદ દિપચંદ એજ્યુકેશન ફંડ, શામળાની પોળ, અમદાવાદ ( જૈન શ્વેતાંબર મુર્તિપૂજક વિદ્યાર્થીઓ માટે)

✦ શેઠ ધરમચંદ ઉદયચંદ જૈન એજ્યુકેશન ફંડ, ૧૭/૧૯, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ (શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ માટે)

✦ શ્રી જૈન યુવક સંઘ, ૧, દિવાનપરા, રાજકોટ-૩૬૦૦૦૧ (સ્થાનિક જૈન વિદ્યાર્થીઓ માટે)

✦ શેઠ ગીરધરલાલ હરિવલ્લભ ચેરીટી ટ્રસ્ટ ફંડ, લાલ દરવાજા, અમદાવાદ.

✦ શ્રી જૈન બાલ વિદ્યાર્થી ભવન, તખ્તેશ્વર પ્લોટ, કામીનીયા બિલ્ડીંગ, ભાવનગર. (શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન માટે)

✦ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, ઝવેરી વાડ, પોસ્ટ બોકસ નં. ૫૭, અમદાવાદ-૩૮૦૦૦૧

✦ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ ચેરીટી ટ્રસ્ટ - પાનકોર નાકા, અમદાવાદ-૩૮૦૦૦૧ (કોલેજના વિદ્યાર્થીઓ માટે જ )

✦ વકીલ શ્રી જેશીંગભાઈ પાંચાભાઈ ચેરીટી ટ્રસ્ટ - શ્રી કાંતીલાલ જેશીંગભાઈ વકીલ, રાયપુર, શામળાની પોળ, અમદાવાદ-૧

✦ શ્રી મંગળદાસ જેશીંગભાઈ પબ્લીક ચેરીટી ટ્રસ્ટ - શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪

✦ મસ્કતી કાપડ માર્કેટ મહાજન - મસ્કતી માર્કેટ, રેલ્વે પુરા, અમદાવાદ-૩૮૦૦૦૨

✦ સારાભાઈ પરિવાર સખાવત ટ્રસ્ટ - પો.બો.નં.૨૮, અમદાવાદ-૩૮૦૦૦૧

✦ શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તક લોન / ફંડો :

- શ્રી સારાભાઈ મગનલાલ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ
- આ.શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી જન્મ શતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ
- શ્રીમતી લીલાવતી ભોળાભાઈ ઝવેરી જૈન વિદ્યાર્થીની સ્કોલરશીપ ફંડ
- શ્રી કન્યા છાત્રાલય (કોલેજમાં અભ્યાસ કરતી કન્યાઓને સ્કોલરશીપ)
- શ્રી આત્મવલ્લભશીલ સૌરભ ટ્રસ્ટ

(પ્રાકૃત તથા અર્ધમાગધીનો અભ્યાસ કરતી કન્યાઓ માટે)

✦ શ્રી ડી.કે.શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, માંગરોળ મેન્શન, પહેલે માળે, ઓફીસ નં.૨/૩, ગનબો સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૧ (સ્કુલ/ કોલેજની ફી આપે છે.)

✦ ખીમજીભાઈ ભુજપુરીયા ચેરીટેબલ ટ્રસ્ટ - ૧૫, કેશવજી નાયક રોડ, મુંબઈ-૪૦૦૦૦૯

✦ કામાણી ફાઉન્ડેશન, કામાણી હાઉસ, નીકોલ રોડ, મુંબઈ-૧

✦ મારવાડી સંમેલન ફંડ - નરનારાયણ ટેમ્પલ, ૨૨૭, કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦૦૦૨

✦ શેઠ શ્રી ગુલાબચંદ રાયચંદ જૈન સ્કોલરશીપ ફંડ, શ્રી રતનચંદ નેમચંદ ઝવેરી, ૧૮૨, શેખ મેમણ સ્ટ્રીટ, ઝવેરી બજાર, મુંબઈ-૨

✦ સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી સેવા સંઘ, કામાણી દશા શ્રીમાળી વાડી, ચીરાબજાર, ૫૪૨, જગન્નાથ શંકર શેઠ રોડ, મુંબઈ-૨

✦ શેઠ હીરાચંદ ગુમાનચંદ સ્કોલરશીપ ટ્રસ્ટ, ૧૪૮, લેમીંગ્ટન રોડ, મુંબઈ-૪૦૦૦૦૭

✦ વાલચંદ હીરાચંદ ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટ, બી.ડી.સરદેસાઈ, કન્સ્ટ્રકશન હાઉસ, બેલાર્ડ પીયર, મુંબઈ-૪૦૦૦૦૧

✦ શ્રી રાંકા ચેરીટેબલ ટ્રસ્ટ, ભારત જૈન મંડળ, ૧૦૮-એ, સ્ટાન્ડર્ડ, ૮૩, મહર્ષિ કર્વે રોડ, મુંબઈ-૪૦૦૦૦૨

✦ શ્રી વિજય કેસરસુરી સ્મારક સ્કોલરશીપ ટ્રસ્ટ તથા વિજયરામસુરિ સ્મારક સ્કોલરશીપ ફંડ - કાંતીલાલ નગીનદાસ ઝવેરી, ૪૪/૪૬, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૩

✦ શ્રી ચારિત્ર વિજયજી મહારાજ એકસ્ટર્નલ સ્કોલરશીપ (શ્રેણી ૫ થી ૧૨ માટે સ્કોલરશીપ) શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ (પાલિતાણા) ૩૨, ગુરૂકુળ ચેમ્બર્સ, મુમ્બાદેવી રોડ, મુંબઈ-૪૦૦૦૦૨

✦ શ્રીમતી કાન્તાબેન તલકચંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી જૈન યુવા સંઘ, મુંબઈ, આર.કે.બિલ્ડીંગ નં.૩, રૂમ નં.૯, ૮ મી ખેતવાડી, મુંબઈ-૪૦૦૦૦૪

✦ શ્રી મચ્છુકાંઠા જૈન વિશા શ્રીમાળી યુવક મંડળ, ૪/૨, ગનાનાથ કો-ઓપ.હા.સો, બીજે માળે, સેનાપતિ બાપટ માર્ગ, દાદર-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૯

✦ શ્રી વર્ધમાન સેવા કેન્દ્ર, મુંબઈ - ૩૬, કલિકુંડ સોસાયટી, મફલીપુર, ચાર રસ્તા, ધોળકા-૩૮૭૫૧૦ (જિ.અમદાવાદ)

✦ શ્રી જૈન છાત્રવૃત્તિ - ૧૮/૩૫૦, લોધી કોલોની, ન્યુ દિલ્હી

✦ શ્રી રતીમણી ટ્રસ્ટ, બી.આર.શાહ, ૨૧, કૃષ્ણકુંજ હા.સોસાયટી, અઠવા લાઈન્સ, સુરત

✦ શ્રી શાહુ જૈન ટ્રસ્ટ-૩૬૨૦/૨૧, નેતાજી સુભાષ માર્ગ,દિલ્હી-૬

❒ સંકલન

# બાબુ કુટુંબ તથા સમસ્ત પાટણ સમાજનું ગૌરવ
## મુમુક્ષુ માનસી બની મોક્ષ મયણાશ્રીજી

શનિવાર, તા. ૧૬-૫-૨૦૦૯ મુંબઈ મહાનગરના ઈતિહાસમાં એક અદ્દભુત દિવસ તરીકે પ્રસ્થાપિત રહેશે. ૧૦૫ વર્ષના પ્રાચીન બાબુ અમીચંદજી પનાલાલજી આદેશ્વર દેરાસર-વાલકેશ્વરના મહા તીર્થે શ્રીમતી અંજનાબેન તથા બાબુ ભરતકુમાર રાજેન્દ્રકુમાર દોલતચંદ ઝવેરીની સુપુત્રી ચિ.માનસીએ પારમેશ્વરી પ્રવજયા અંગિકાર કરી વૈભવનો ત્યાગ કરી સંયમના મહાવૈભવની પ્રાપ્તિ કરી.

જીન શાસન શિરતાજ પ્રશાંતમૂર્તિ આચાર્ય ભગવંત કલ્યાણસાગર સુરિશ્વરજી મ.સા. તથા તપાગચ્છ ધિરાજ પૂજયપાદ અશોકસાગર સુરિશ્વરજી મ.સા.અને શ્રી સંઘ સન્માર્ગ દર્શક પૂજય ગણિવર્ય નયપદ્મસાગરજી મ.સા.આદિ વિશાળ શ્રમણ વૃંદ તથા શ્રમણી વૃંદ પરિવારની હાજરીમાં જિન શાસન સમર્પિત વાત્સલ્ય વારિધિ પૂ. ગુરૂવર્યો મયણાશ્રીજીના પાવન ચરણોમાં ચિ.માનસીએ ભગવતી દીક્ષા અંગિકાર કરી જીવન સમર્પણ કર્યુ. જીવનના સુવર્ણકાળમાં તેને થયું, તેના મહાન પૂણ્યોદયે જૈન ધર્મ, કુળ, વીતરાગી દેવ, નિર્ગ્રંથ, નિ:સ્પૃહી ગુરૂદેવ મળ્યા એ જ પરમ કૃપાળુ પરમેશ્વરની મહાકૃપા છે. જીવનનું સત્ય તેને લાધ્યું અને વિચારવા લાગી કે, ચારિત્ર અંગિકાર એ જ મારું પરમ ધ્યેય છે.

સુસંસ્કૃત પરિવારમાં જન્મેલ ચિ.માનસીને ધર્મના સંસ્કાર ગળથૂથીમાંથી જ પ્રાપ્ત થયા. બી.કોમ.ના અભ્યાસ સાથે ધર્મ આરાધના, આધ્યાત્મ સાધના થકી મુમુક્ષુમાં ધર્મ ચેતનાનો અવિરત સંચાર થયો. આદિશ્વરદાદાની શીતળ છત્ર છાયામાં મહામંગલકારી સંયમ પ્રવજયાની ઉત્કૃષ્ટ ઈચ્છા વડીલો સમક્ષ પ્રદર્શિત કરી. સમગ્ર પરિવારના પ્રેમ તથા માતા-પિતાની માયા-મમતાને ઉપકારી ગણી જીન શાસનને શરણે જીવન સમર્પિત કરવાની મહેચ્છાને વળગી રહી, અખૂટ, અટૂટ અને લખલૂટ પ્રેમ-બંધન અને સુખ સાહ્યબીમાં ઉછરેલ વહાલસોયી આંગણની તુલસીને જીનશાસનના શણગાર અને અણગાર બનવાની સ્વીકૃતિ અને અનુમતી મળતા જીવન સાફલ્યની અનુભૂતિ પ્રાપ્ત થઈ. પ્રવજયાના પુનિત પંથે પ્રયાણ કરવાના પડઘમ ગાજી ઉઠયા. વ્હાલીને વિદાય આપવા વિજય તિલક કરી પરમાત્મા દર્શિત પરમ પંથે પ્રયાણ કરવાનો મહાભિનિષ્ક્રમણ મહોત્સવ સુનિશ્ચિત થયો.

મોક્ષફળ પ્રદાયક આદિનાથ પ્રભુની છત્રછાયામાં રવિવાર, તા.૩-૫-૨૦૦૯ ના રોજ પૂજય ગુરુભગવંતોના ભવ્ય પ્રવેશથી ભગવતી દીક્ષા કાર્યક્રમના પ્રસંગોની ઘટમાળ ઘટતી રહી. કુંભ તથા દીપક સ્થાપન, જવારા રોપણ, સ્નાત્ર મહોત્સવ, ચારિત્ર વંદનાવલી, વર્ષીદાનનો ભવ્ય વરઘોડો, શ્રી સંઘ સાધર્મિક વાત્સલ્ય, આદિજીન પંચકલ્યાણક તથા જંબુદ્વિપ પૂજા, સાંજી, પાટલા પૂજન, સંયમ ઝુલા, મહેંદી વિતરણ, લઘુશાંતિ સ્નાત્ર, વેશ રંગવાનો તથા છાબ ભરવાનું, પ્રીત વર્ષીદાન, માતા-પિતા, વંદનાવલી, દીક્ષા સમારોહ, સત્તર ભેદી પૂજા, વ્યાખ્યાન, ભાવના વિગેરે કાર્યક્રમો ઉજવાતા અલૌકિક ઐશ્વર્ય પથરાતું ગયું.

દેવવિમાન તુલ્ય બાબુ અમીચંદજી પનાલાલજી જૈન આદિશ્વર દેરાસરજીને વિવિધ સુગંધિત ફૂલો, નભતારક સમ દીપક રોશની, આસોપાલવ ગેંદાના ફૂલ તથા લાઈટ સીરીઝથી નયનરમ્ય રીતે શણગારવામાં આવ્યું હતું. ચારિત્ર નગરી સોળે શણગાર સજી થનગની રહી હતી. વિવિધ કાર્યક્રમનું વ્યવસ્થિત આયોજન રોજબરોજ પ્રભાતિયા, પરમાત્માની ભવ્યાતિભવ્ય અંગ રચનાઓ, સુપ્રસિધ્ધ સંગીતકાર નિલેશભાઈના વૃંદ દ્વારા સ્વર અને સૂરગંગા, સંજયભાઈની કર્ણપ્રિય અર્થપૂર્ણ વાણી, પરમ પૂજય ગુરૂભગવંતોના સાત્વિક અને તાત્વિક પ્રવચનો, જીવદયા અને અનુકંપા દાન તો ખરા જ !

રવિવાર, તા.૧૦-૧-૨૦૦૯ ના રોજ શાસન પ્રભાવનાની ભવ્યાતિભવ્ય ઐતિહાસિક રજવાડી શોભાયાત્રા સાથે વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો. સમગ્ર બાબુ પરિવારે ઈન્દ્રધ્વજા, રથ, ગાડીઓ, શણગારેલ સાંબેલાઓ, ઉંટગાડી, અઢાર પાપ સ્થાનકની રચનાવાળી બળદગાડી, સમોવસરણ વિગેરે સાથે ઉત્સાહ ભેર ભાગ લઈ હર્ષાશ્રુ વર્ષાવ્યા હતા. દેરાસરની પ્રતિકૃતિ અનન્ય હતી. ગાય, બળદ અને ઘોડાઓ માટે ચુરમાના લાડુ, લીલુ ઘાસ, ગોળ તથા પાણીની વ્યવસ્થા ધ્યાનાકર્ષક હતી. સખત ગરમીની અવગણના કરી શ્રધ્ધાળુઓ "જૈનશાસન જયવંતુ વર્તો," "જૈનમ્ જયતિ શાસનમ્" "દીક્ષાર્થી અમર રહો" ના ગગનભેદી જયનાદો કરી રહ્યા હતા. વર્ષીદાનની વણથંભી વર્ષા થઈ રહી હતી. જૈન સંયુકત મંડળ તથા વિવિધ બેન્ડની સૂરાવલી ગુંજી રહી હતી. નગારા તથા મંગળ વાદ્યો અને મહિલા મંડળ અદકેરા આનંદની અનુભૂતિ કરી રહ્યા હતા. જૈન તેમજ જૈનેતરોના નયનો મુમુક્ષુ માનસી પ્રત્યેના અહોભાવથી સસ્નેહ છલકી રહ્યા હતા.

સંસાર સાગર છોડી ભગસાગરનું પરમપદ પ્રાપ્ત કરવા કૃતનિશ્ચિત નવોઢાને પણ શરમાવે એવા શણગાર સજેલી, નમણી મુગ્ધા ચિ.માનસીના પ્રત્યક્ષ દર્શનમાત્રથી હૈયુ વલોવી નાખતા હૃદયવિદારક પ્રસંગે સકળશ્રીસંઘ સહિત ચારિત્રનગરીનું ભવ્ય પ્રાંગણ પણ બોરબોર આંસુડે કલ્પાંત કરી રહ્યું હતું. તા.૧૪ અને તા.૧૫ ના રોજ ઝુલા તથા વિદાયની વેળાએ સંપૂર્ણ પરિસરમાં એકપણ વ્યકિત એવી નહિ હોય કે, જેની આંખો છલકાઈ ન હોય.

ચિ.માનસીને દાદી શ્રીમતી પ્રેમીલાબેન તથા સહકુક્ષિણિ બહેનો દીની, શિતલ, અમી, કૃપા મનોમન કહી રહ્યા હતા, "બહેની જયાં જયાં તારા કદમ ત્યાં ત્યાં પ્રભુ હરદમ હોજો." કાકા-કાકી બાબુ કીર્તિભાઈ તથા મીતાબેન ધબકતા હૈયે ચિ.માનસીને આશીર્વચન આપતા કહી રહ્યા હતા. "ઉત્તમ ચારિત્રનું પાલન કરી કુટુંબ અને શાસનનું ગૌરવ વધારજે." બાબુ પરિવારના વારસાગત પ્રભુભકિતના સંસ્કારો અને મોસાળ પક્ષે શ્રીમતી કમલાબેન રસિકલાલ મોહનલાલ પત્રાવાલા પરિવારના

આરાધનાના ઉત્તમોત્તમ સંસ્કારોનું મિલન ચિ.માનસીના જીવન પરિવર્તનનું આર્ધ્ય બન્યુ. મહાપ્રયાણનો સોનેરી સૂરજ ઉગ્યો અને સંસારી જીવન સિમિત થયું. આનંદ મંગળની ક્ષણો ચારિત્ર નગરીમાં સંયમ વિભુષિત થઈ રહી હતી. માતા-પિતા તથા શ્રી સંઘની રજા લઈ સમોવસરણની પ્રદક્ષિણા કરી શાસન સમ્રાટ ગુરૂવર્યોને ગુરૂવંદના કરી સંયમ નાવે ભવસાગર તરવાના મુમુક્ષુ માનસીના મનોરથો અનેરો રંગ લાવ્યા હતા. સર્વ વિરતી તરફ પ્રયાણની તૈયારી કરી ઘરના દીપક બનવાનું છોડી શાસનના સૂર્ય બની પ્રકાશ ફેલાવવાનું મુમુક્ષુ માનસીએ પસંદ કર્યુ. છ વર્ષની સતત તપસ્યા બાદ માતા-પિતાની અનુમતિ પ્રાપ્ત થયાનો અનેરો આનંદ હતો. માતુશ્રીના ચરણોમાં અલંકારોનો પરિત્યાગ કરી ગુરૂ ભગવંત પાસે મુમુક્ષુ માનસી બહેને મુંડન કરાવી શ્વેત વસ્ત્ર ધારણ કરી પ્રવજ્યા પ્રદાન કરવાની મહેચ્છા દર્શાવી. નૂતન દીક્ષાર્થી માટે રજોહરણ, (ઓઘો) સાડો, કપડું, પાતરા-તરભણી, પોથી, દાંડો અને દંડાસણ, નવકારવાળી, આસન, સંથારો તેમજ કમર પટ્ટો વગેરેની ઉછામણી બોલાઈ.

સકળ શ્રી સંઘ તથા શ્રેષ્ઠીવર્યો સાથે માતાપિતા શ્રીમતી અંજનાબેન, બાબુ ભરતભાઈ, બાબુ કીર્તિભાઈ તથા મીતાબહેન અને સમસ્ત બાબુ પરિવારે ઉત્કૃષ્ટ ભાગ લીધો. વાસક્ષેપ અને અક્ષતના વધામણા સાથે પ્રશાંત મૂર્તિ અશોકસાગર સૂરિશ્વરજી મ.સા. તથા ગણિવર્ય જ્ઞાનોત્કોર્ષક શ્રી નયપદ્મસાગર મ.સા. દ્વારા પ્રભુ પ્રદક્ષિણા કરાવી વિધિ વિધાન કરી દીક્ષાની પૂર્ણાહુતિ તરફ વધ્યા, શ્રાવિકા શ્રીમતી વિમળાબેન, પીયુષભાઈ તથા શીતલબેને નવદીક્ષીત માનસીબેનનું ગુરૂ આજ્ઞા પ્રમાણે નવું નામ **મોક્ષમયણાશ્રીજી** પાડયું અને સમગ્ર શ્રી સંઘને જણાવ્યું, જે શ્રી સંઘે નવદીક્ષીત અમર રહો, મોક્ષમયણાશ્રીજી અમર રહોના ગગનભેદી નાદથી વધાવી લીધુ. વિખેરાતી અને વેરાતી માનવમેદની ગદ્‌ગદ હૈયે અદ્‌ભુત, અપૂર્વ અને અનન્ય દીક્ષાની સાક્ષી બની.

ઘર ઘર દીવડાઓ પ્રગટાવો
બારણે નવલાં તોરણો બંધાવો,
આદિજીન મીઠા આશિષ વર્ષાવો,
મોક્ષમયણાશ્રીજીને અક્ષતે વધાવો !

❒ **સંપાદક સમિતિ**



# શુભ વિવાહ



**સંવત ૨૦૬૫ ના માગસર સુદ ૨ ને શનિવાર, તા.૨૯-૧૧-૨૦૦૮**
શ્રી પ્રવીણભાઈ ભગવાનદાસ શાહના સુપુત્ર **ચિ.પ્રતિક** (કનાસાનોપાડો)
શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ ઝવેરીની સુપુત્રી **ચિ.રીધમ** (મનમોહનજીનીશેરી)
**સંવત ૨૦૬૫ ના વેશાખ સુદ ૯ ને રવિવાર, તા.૩-૫-૨૦૦૯**
શ્રી રાજેશભાઈ જીવાચંદ શાહના સુપુત્ર **ચિ.દર્શન** (કોકાનોપાડો)
શ્રી મુકેશભાઈ રમણલાલ શાહની સુપુત્રી **ચિ.પ્રાચી** (કુંભારીયાપાડો)

## સંસ્થા સમાચાર

❒ **શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ** તરફથી તા.૨-૩-૨૦૦૯ થી તા.૯-૩-૨૦૦૯ દરમ્યાન જેસલમેર-નાકોડા-રાણકપુરની પંચતીર્થી યાત્રાનું આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી ઉંમરના ૭૫ સાધર્મિકો ઉપરાંત ૫૮ ભાઈ-બહેનો મળી કુલ ૧૩૩ યાત્રિકો ઉલ્લાસભેર જોડાયેલ.

પાટણના વર્ષી તપ, માસક્ષમણ અને સિધ્ધિ તપના તપસ્વીઓના બહુમાનનો કાર્યક્રમ રવિવાર, તા.૭-૬-૨૦૦૯ ના બપોરે ૩.૦૦ વાગે શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહના અધ્યક્ષ સ્થાને, શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦ ખાતે યોજાયેલ છે. તપસ્વીઓએ સમયસર પધારવા વિનંતી.

❒ **જૈન એકેડેમી એજયુકેશન રીસર્ચ સેન્ટર પ્રમોશન ટ્રસ્ટ** તરફથી મુંબઈ યુનિવર્સિટી માન્ય, જૈન ધર્મ - તત્ત્વજ્ઞાન અભ્યાસ અંગેનો એક વર્ષનો પાર્ટ ટાઈમ ડીપ્લોમા કોર્ષ શરૂ કરવામાં આવશે. જે માટે ૨૫ જુન ૨૦૦૯ થી એડમીશન શરૂ થશે. જેઓએ આ કોર્ષ કરવો હોય તેઓએ ડીપાર્ટમેન્ટ ઓફ ફીલોસોફી, જ્ઞાનેશ્વર ભવન, યુનિવર્સિટી ઓફ મુંબઈ, કાલીના, સાંતાક્રુઝ-ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૯૮ ફોન : ૨૬૫૨ ૭૩૩૭ ખાતે સવારના ૧૧.૦૦ થી ૨.૦૦ દરમ્યાન સંપર્ક સાધવો.

❒ **શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી**ના સંસ્કૃત અને ભારતીય વિદ્યા અનુસ્નાતક વિભાગ તથા શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર, પાટણ આયોજીત ત્રિદિવસીય અખિલ ભારતીય હેમચંદ્રાચાર્ય સમારોહને યુનિવર્સિટીના કીલાચંદ રંગભવન ખાતે અનેક વિદ્વાનો અને જૈન મુનિવર્યોની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે યોજાયો હતો.અ ા પ્રસંગે “હેમ પ્રપ” ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૮૭ વર્ષીય જૈન મુનિરાજ શ્રી જંબુવિજયજી મ.સાહેબ, અન્ય શૈક્ષણિક ક્ષેત્રના આગેવાનો તેમજ હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરના મંત્રી શ્રી મહેન્દ્રભાઈ પી. શાહ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

દુનિયાનો ઈતિહાસ જયારે પણ લખાશે ત્યારે ગાંધીજી અને હેમચંદ્રાચાર્યજીનો ઉલ્લેખ તેમાં અનિવાર્ય હશે અને વર્લ્ડ હિસ્ટ્રીમાં તેમની નોંધ લેવાશે. દેશને સાંસ્કૃતિક વારસો સંસ્કૃત ભાષામાં તેમજ પ્રાચીન સાહિત્યિક ગ્રંથોમાં ટકાવી રાખવા વિદ્વાનોએ પોતાના વકતવ્યમાં ખાસ ભારપૂર્વક જણાવેલ.

**ઘરનું સરનામું બદલાયેલ છે.**
**શ્રી પ્રવીણ વૃજલાલ શાહ (મંત્રી)**
**૭૦૧, પુષ્પ વાત્સલ્યમ, જે.વી.પી.ડી. સ્કીમ**
**એન.એસ.રોડ નં.૫, વિલેપાર્લે-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૬**
**ફોન : ૨૬૧૮ ૩૮૮૧, ૨૦૩૩ ૦૯૪૨**
**મોબાઈલ : ૯૩૨૨૨ ૪૪૦૨૬**

## HEALTHY WORKER - HEALTHY NATION

"The greatest wealth is health"

This proverb put forth by virgit is used very frequently & the entire world fully corroborates with this famous saying, but do you people actually know what health is? Health is a state of complete physical, mental and social well-being, and not merely the absence of disease or infirmity, puzzled? Let me present it in a simpler way. To me health means fitness, fitness means more potential to work & put in efforts & loads of hard work means accruement of great wealth. I hope that you all concur with my prognosis. If you are a robust worker, you are definitely going to bring great riches to yourself & your nation as well. According to a survey conducted in China, medical disorders, diseases & serious accidents in workplaces or mines slay approximately 90,000 laborers in every decade causing a loss in billions to the nation. India & other 3rd world countries are all facing the same dire situation. Anyways, are you familiar with the sources that breed these killer diseases? Day to day, countries throw out numerous mega-tones of trash, either legal or illegal. This garbage is handled by the poor workers who labour in the dumpyard. This poses as a major hazard to their health. These people are too poor to afford medical treatment & they're also illiterate so the disease keeps on spreading & finally, a deadly epidemic breaks out. Poor quality work places affect the productivity which eventually, affects the nation's economy & status. So remember this formula.

Healthy workers = healthy + wealthy nation's economy

"If safety pays, it doesn't cost."

So if a country spends its wealth on ameliorationg the simultaneously deteriorating conditions of manual workers it is really good for the country. This is no longer a government or society issue but it is indeed a critical business issue which demands global co-ordination & attention. Wouldn't anyone have pity on drudges who work, in such abysmal conditions? The government too has a duty towards the citizens of the country i.e. us by not shying away on health issues & also putting surveillance on the laws enforced. Medical examination should be compulsory at industrial units rather than not being at all. Now for a few healthy health tips.

The best six doctors anywhere
And no one can deny it
Are sunshine, water, rest, and air
Exercise and diet.
These six will gladly you attend
If only you are willing
Your mind they'll ease
Your will they'll mend
And charge you not a shilling.

Sickness comes on horseback but departs on foot. So to ward off all illnesses & remain robust it is very crucial for you to have a strong will. Do not let your soul break easily & don't give up however arduous or tedious combating the sickness is. Because remember, "Diseases of the soul are more dangerous and more numberous than those of the body." Now do you know that a good laugh and a long sleep are the best cures in the doctor's book? Yes, laughter's is really the best medicine & the magic power of sleep is such that a long & sound sleep will always cure you of all ailments. Fresh air also assists in maintaining a good health that is why you must make it a point to work out daily. Exercise prevents you from gaining weight & becoming obese. Obesity may cause thrombosis or heart attacks as loads of strain reaches the heart as it tries to pump blood to your obese body. Yoga also greatly helps in ameliorating or enhacing a person's health. Always eat a healthy & balanced diet which includes many fruits & vegetables as you have surely heard the proverb,

**"An apple a day, keeps the doctor away."**

* So these are numerous health tips which I have picked up & belive it or not they all work! If you adhere to these tips & take tremendous care or your health, not even bacteria can stop you from living a long, healthy, wealthy & wise life. That's why,

ALL THE BEST!!!

**❐ Nillavi Jiten Shah ( Std. 9th )**

---

## You cannot hide

You can wear a mask and point your face,
You can call yourselves the human race,
You can wear a collar and a tie,
One thing you cannot hide,
Is when you are crippled inside.

You can go to a church and sing a hymn,
You can judge me by the colour of my skin,
You can live a lie till you die.
One thing you cannot hide,
Is when you are crippled inside

**❐ John Lennon Beatle**

## શિક્ષણ વાણી

આજના શિક્ષણની મોટામાં મોટી મર્યાદા એ છે કે, એમાં વિદ્યાર્થીઓના અનુભવ પર ભાર નથી મૂકાતો. બધું જ્ઞાન લગભગ સેકન્ડ હેન્ડ બની રહે છે. બ્રેડ ખાનાર બાળકને ઘઉંના છોડ સાથે લેવા દેવા નથી. વસંત પર વર્ગમાં ભણાવતા કાવ્યને વસંત ઋતુ સાથે કોઈ લેવા દેવા નથી. વાસ્તવિક સૃષ્ટિ સાથેનો સંબંધ વિચ્છેદ રોગની કક્ષાએ પહોંચે ત્યારે ત્રણ ભ્રમણાઓ શિક્ષણને જીવન વિમુખ બનાવે છે.

ભ્રમણા-૧ : શિક્ષણ એટલે નિશાળ.

ભ્રમણા-૨ : શિક્ષણ એટલે સાંભળવું.

ભ્રમણા-૩ : ભણાવવું એટલે બોલવું. અધ્યયનની પ્રક્રિયા સ્થૂળ નહીં, સુક્ષ્મ હોય છે. વિદ્યાર્થી સૃષ્ટિના સીધા સંપર્કમાં આવે તેથી ઘણું ભણે છે. યુનિવર્સિટી શબ્દ યુનિવર્સ પરથી આવ્યો છે. બધુ જ્ઞાન કે બધી માહિતી શિક્ષક કે નિશાળ પાસેથી જ મળે તેવું નથી. શિક્ષક શિક્ષણનો કોન્ટ્રાકટર નથી, એ તો અધ્યયનની યાત્રાનો સહયાત્રી છે. વિદ્યાર્થીને ભણાવતો રહે ત્યારે એ પણ ભણતો રહે છે. જે દિવસે સ્મિત જાળવીને વર્ગમાં જવાનું શકય ન હોય તે દિવસે શિક્ષકે રજા લઈ લેવી જોઈએ. ❐ **શ્રી ગુણવંત શાહ**

✱✱✱

## સ્વાસ્થ્ય વાણી

આપણું આરોગ્ય જાણે આપણાં બેન્ક એકાઉન્ટ જેવું છે ! એ દૃષ્ટિએ આપણી પસંદગીનું છે. આપણે જ આપણાં ખર્ચા અને બચત માટે જવાબદાર છીએ. જો આપણે યોગ્ય આહાર, યોગ્ય આરામ-વિહાર અને યોગ્ય મનોવ્યાપાર કરીશું તો તે આપણી બચત બનશે, ભવિષ્ય માટે અનામત બનશે, પણ જો આપણે એની કાળજી નહીં લઈએ અને માંદા પડીશું, તનાવમાં આવીશું, ગમે તે ખાઈશું અને મનથી અશાંત રહીશું તો જે કંઈ આપણી બચત છે તે તો વપરાઈ જ જશે, ઉલ્ટું ખર્ચના ખાડામાં ઉતારી દેશે - અર્થાત્ બેન્કની આપણી પાસબુકમાં ઉધાર બાજુ વધી જશે ! નિરામય રહેવા માટે આપણા આ બેન્ક એકાઉન્ટ પર સતત ધ્યાન આપો, જાગૃત રહો અને આપણી દરરોજની ટેવો, પધ્ધતિ જ આ કામ કરી શકે છે માટે તે પરત્વે જાગૃત રહીએ.

## શાણપણ વાણી

આપણું ધાર્યુ થાય તે હરિની કૃપા અને
આપણું ધાર્યુ ન થાય તે હરિની ઈચ્છા !
હું માનવી માનવ થાઉ તો ઘણું.

✱✱✱

ચાહું સુંદર ચીજ સર્વદા, જે જે અસુંદર,
કરી મૂકું સુંદર ચાહી ચાહી.

## અવળવાણી

પોષ મહિનાની કડકડતી ટાઢમાં, ઘાસની ઝૂંપડીમાં રહેતી એક માતા રાતને વખતે પોતાના બાળકને જુનાં છાપા અને ઘાસના પૂળા ઢબૂરીને સુવડાવી દેતી, એક રાતે બાળકે પૂછયું : હે મા, જેની પાસે છાપા ને ઘાસ ન હોય એવાં ગરીબો આવી ટાઢમાં શું કરતા હશે ?

✱✱✱

પૂછ માં, આમ કે ચાલે છે,
ચાલવા દે તું, જેમ ચાલે છે !
પાડ ઈશ્વરનો માન કે ઘાયલ
આપણું જેમ તેમ ચાલે છે !

❐ **અમૃત ઘાયલ**

✱✱✱

હું ખરેખર મૂરખ છું કે મેં તમારી સાથે લગ્ન કર્યા,

સાચી વાત છે, લગ્ન પહેલાં આ સાદા સત્ય તરફ મારું ધ્યાન જ ન ગયું !

✱✱✱

## પ્રેમ માટે !...

અમે તો અબુધ પ્રેમના પારેવા,
એવા મુકત ગગનમાં વિહરીએ.
હૈયે શાંત - કોલાહલની પરવા,
મૌનનાં મહાસાગરમાં તરીએ !
પ્રેમ પ્રાપ્તિની સૌ પ્રક્રિયા પામવા,
ખાલીપા તણો અનુભવ કરીએ.
અવિરત એ પરિઘમાં ભમવા,
એકમેવ સ્પર્શની ઝંખના કરીએ !
મદમસ્ત નયનો ચહે બોલવા,
સૌ ઝાંઝવાને અલવિદા કરીએ,
હરિયાળી માટે વૈશાખ ભૂલવા,
શ્રાવણીએ છબછબીયા કરીએ

❐ **શ્રી મહેન્દ્ર એન. શાહ (ગુંદરવાલા)**


**કે. એસ. પ્રેયર હોલ**
**(ફુલ્લી એરકન્ડીશન્ડ / નોન એરકન્ડીશન્ડ)**
માઈક સીસ્ટમ તથા સ્પીકર ☯ વીડીયો સ્ક્રીન, ટેબલ લાઈટ સાથે ઉપલબ્ધ છે
પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦.
**શ્રી ભાવીક શાહ**
ફોન : ૨૨૮૧ ૦૦૧૬ / ૯૮૧૯૮ ૨૪૭૯૫
સમય : ૧૧ થી ૬ દરમ્યાન



II SHREE VASUPUJYA SWAMI II ESTD: 1998
**ALPA MARRIAGE BUREAU**
**( Mumbai )- 11th year**
PATAN PARIVAR & OTHERS JAIN COMMUNITY
**FOR GOOD CHOICE & PERFECT MATCHING**
**CONTACT : MRS. ALPA SHAH**
HELLO : **95250-2500135 / 9823218746**
TIME : 9.00 TO 12.00 a.m. 7.30 TO 10.30 p.m.

# શ્રી પાટણ પાંજરાપોળ

સંચાલિત

# શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ ખલીપુર પશુ આશ્રય સંકુલ

**"મૂંગા વ્યથિત અબોલ પશુઓની હૈયાની વાચા"**

સાંભળજો કરમ કહાણી, પશુઓના હૈયાની વાણી,
પાપ કર્યા અમે પૂર્વ જન્મમાં, પામ્યા પશુનો અવતાર,
હાલ અમારા હડધૂત જેવા, દુઃખ તણો નહીં પાર,
જન્મ્યાથી મરતા સુધી, પીડા અમે કારમી વેઠી... સાંભળજો.

જનમીએ અમે તો બોકડા રૂપે, થઈએ પાડા કે ઘેટા,
માલીક અમને વેચી મારે, યા મોકલે કતલખાને,
માતાથી વિખૂટા પડીએ, મનમાં ને મનમાં રડીએ...સાંભળજો

કામ આપે તેવા હોઈએ, તો સૌ ઘરમાં રાખે,
થોડું ખવડાવે અને કામ લે ઝાઝું, અમને નીચોવી નાખે,
ઘરડાં થઈએ ત્યારે, અમને ગોટલા જેમ ફેંકી દે...સાંભળજો

પોષણ પુરું મળે નહીં તેથી પડીએ અમે બિમાર,
એવા એવા થાય દર્દ ભયંકર, પીડા જેની બેસુમાર,
રોતા રોતા પીડા સહીએ, કેવી રીતે તમને કહીએ ?... સાંભળજો

દુધ દઈએ, વજન ઉચકીએ, છાણ આપીએ ને વેઠ તમારી કરીએ,
મર્યા પછી પણ કામમાં આવે એવી છે કાયા અમારી,
સેવા અમે ખુબ કરી છે, જીંદગી તમને ધરી છે..... સાંભળજો

માનવતા જો હોય હૃદયમાં, ભાળ અમારી લેજો,
માંદા, મુંગા, ખોડા નિરાધાર જીવોને ખુબ કરૂણા દેજો,
ઝાઝામાંથી થોડું દઈને, અમારી સહાયમાં રહેજો... સાંભળજો

ઠરશે અમારી આંતરડી ને આશિષ તમને મળશે,
સારી સારી જે ઈચ્છા તમારી, બધી બરાબર ફળશે,
જીવનમાં શાંતિ છવાશે, લોકોમાં ગુણ ગવાશે..... સાંભળજો.

વણ બોલાવ્યા તમે ખુબ બોલો, પણ કમનસીબે અમે મૂંગા
અંતરનાદ અમારો સાંભળવા તમે બનો છો બહેરા,
પ્રભુને અમે અંતરથી કહીએ, ફરી આવો જનમ ન દેજો... સાંભળજો

પાંજરાપોળ એટલે માંદા, મુંગા, ખોડા નિરાધાર તેમજ કતલખાનેથી મૃત્યુને પડકારતા અબોલ જીવોનું આશ્રય સ્થાન. હોસ્પીટલમાં જેમ રોગીઓને જોઈને આપણું દિલ દ્રવી ઉઠે છે, તેમ પાંજરાપોળની મુલાકાતથી પણ આપણું દિલ દ્રવી ઉઠવું જોઈએ અને આથી જ કરૂણાભાવે અબોલ જીવો પ્રત્યે સહાનુભુતિ દાખવી આપણાં ખર્ચમાંથી પણ કરકસર કરી આવી પાંજરાપોળને સક્ષમ બનાવવા માટે તન-મન અને ધનનો ઉપયોગ કરવો જ જોઈએ.

આવો આપણે બધા સાથે મળીને ઉપર લખેલ મુંગા પ્રાણીની હૈયા-વાચાનું મનન કરીને આપણી પાંજરાપોળને વધુને વધુ સખાવતો આપીએ...

સંસ્થાને આપેલ દાનની રકમ ઈન્કમટેકસ કાયદાની કલમ ૮૦-જી અન્વયે કરમુકિતને પાત્ર છે.


## શ્રી પાટણ પાંજરાપોળ

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. ૬૩૮



સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, ખલીપુર પશુ આશ્રયસ્થાન સંકુલ**



**જીવદયા વિના ધર્મ નહીં, ધર્મ વિના સુખ-શાંતિ આબાદી નહીં.**

| | | | |
|---|---|---|---|
| ૧. પશુ માટેનો શેડ (ગ્રેનાઈટ તકતી ઉપર નામ) | રૂા.૧,૦૦,૦૦૦ | ૬. પશુઓને માસિક દવા-ચિકિત્સા | રૂા.૧૧,૦૦૦ |
| ૨. કાયમી તિથિ નિભાવ ફંડ (આરસની તકતીમાં નામ) | રૂા.૫૧,૦૦૦ | ૭. કાયમી ઘાસની તિથિ | રૂા.૫,૦૦૦ |
| ૩. પશુઓને લાપશી માટેની કાયમી તિથિ (આરસની તકતીમાં નામ) | રૂા.૩૧,૦૦૦ | ૮. વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા.૩,૦૦૦ |
| ૪. પશુઓના આધાર સ્થંભ (આરસની તકતીમાં નામ) | રૂા.૨૧,૦૦૦ | ૯. પક્ષીઓને કાયમી ચણ તિથિ | રૂા.૨,૦૦૦ |
| ૫. પશુઓને એક દિવસનો ઘાસચારો | રૂા.૧૫,૦૦૦ | | |



હાલમાં સંસ્થા પાસે લગભગ ૨૦૦૦ નાનામોટા પશુ રાખવામાં આવ્યા છે. તેના પાલન-પોષણ તથા સંસ્થાના ચાલુ વહીવટી ખર્ચમાં સતત તોટો રહેતો હોઈ, આપના કે આપના સ્નેહીજનોના ઘરના લગ્ન, સગાઈ, પૂજન, તપશ્ચર્યા, જન્મ કે મરણ પ્રસંગે યાદ કરીને નાની મોટી રકમોની ભેટ મોકલાવી સહાયભુત થવા વિનંતી. **જો હશે આપનું દાન............ તો બચશે પશુના જાન.**

સંપર્ક : **મુંબઈ : મે. કંચનલાલ વાડીલાલ એન્ડ કાું.** પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨. ફોન : **૨૨૦૧ ૪૯૩૫** ❊ **મે.સી.વાડીલાલ એન્ડ કાું.** ૪૦, નાગદેવી ક્રોસ લેન, મુંબઈ-૩ ફોન : **૨૩૪૨ ૯૦૧૨ / ૨૩૪૨ ૯૦૧૩** ❊ પાટણ : શ્રી પાટણ પાંજરાપોળ, પીંપળા શેરી, આઝાદ ચોક, પાટણ (ઉ.ગુ.) ફોન : **૨૨૦૨૦૩**

**સંસ્થાને આપેલ દાનની રકમ ૮૦ જી હેઠળ ઈન્કમટેકસમાં બાદ મળે છે.**

## An Earnest Appeal For Youngster

As we are aware, at Shree Patan Jain Mandal we have always strived to implement the latest technological developments to serve the community better. We desire to develop our own website at the earliest so as to get in touch with all our members online.

"Like the human body needs fresh air to flourish, our community needs a burst of fresh blood and youthful energy. We invite all the youth to come forth to contribute for the growth of the community with their ideas, and if possible also join us to implement the same." We hereby appeal all the youngsters of our Society who have the necessary expertise and desire to contribute in this historic transformation to be a part of the Team We want all youngsters to play an active role in the growth of the Mandal and its activities.

If you excel at any skills or qualified in the fields like Medicine, Engineering, C.A., C.S, Writing, Performing Arts,Social work etc and would like to contribute the same to the society please enroll your name with any one of the members below:

Smt Jimmy Tarang Shah 9820969910 jimmytshah@gmail.com

Shri Shetalbhai Kirit Shah 9819830094 s4sks@in.com

Looking forward to your participation in large numbers as we move into our 100th year.

❐ **Education Committee**

## શ્રધ્ધાંજલિ

વેપારી મહામંડળ (ચેમ્બર ઓફ કોમર્સ) પાટણના મહામંત્રી અને રામચંદ આલમચંદના નામે પ્રખ્યાત વાસણની પેઢીના માલિક **શ્રી પ્રદીપભાઈ ચીમનલાલ શાહ** (ડંક મહેતાનો પાડો)નું સોમવાર, તા.૪-૫-૨૦૦૯ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

પિત્તળના વાસણના જમાનામાં પાટણમાં સ્ટીલનો પ્રથમ પ્રવેશ થયો ત્યારે શ્રી પ્રદીપ શાહે સ્ટીલના વાસણોની ભેટ આપી હતી. તેઓ વેપારની સાથે સાથે સામાજિક અને વ્યવહારિક બન્ને ક્ષેત્રો ખુબ જ સારી રીતે નિભાવતા હતા.

પરમકૃપાળુ પરમાત્મા સદ્દગતશ્રીના આત્માને ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના

❐ **શ્રી પાટણ જૈન મંડળ**

## VIRTUAL BOOK BANK

The new term commences with greater responsibility and enthusiasm.Static things need to change and new things have to ring in more rhythmically. We proudly take the pleasure in creating some new and constructive ways of helping our own children Realsing the incresead cost of education day-by-day and the related additional expenses,we are introducing a **Virtual Book Bank** for Higher Secondary and Graduation Courses We invite all the students who want to donate their books to other needy fellow students Kindly email us the list of books that you possess at patanmandal@vsnl.net or jimmytshah@gmail.com immediately so that the seekers can receive it on the commencement of the new academic year The contributors will be appreciated and acknowledged The Seekers also can email their requirements to us so that we can distribute the contributed books as per their requirements Please initiate this Virtual Book Bank Programme and make it a live example of Generosity as student of the society. For any enquiries please contact Mrs Jimmy Tarang Shah at 9820969910

## CAREER GUIDANCE SEMINAR

This time of the year students are at their utmost stress due to expecting results and tedious admission procedures.To relieve them from all these factors we are organizing a **Career Guidance Seminar "OPPORTUNITIES 2020"** with the vision of having each and every individual of Patan to atleast be a graduate.We shall have eminent speakers from the fields of Engineering, Medicine, Management, Law, Civil Services, Commerce and many new off track Careers The Seminar will be held on 7th JUNE 2009 between 9.30 a.m. to 1.30 p..m. at Shree Patan jain Mandal Sabhagruha, Marine Drive following which an Aptitude Test and Vocational Guidance will be conducted for the students of Std 9 ,10, 11 and 12 at a nominal executing fees of Rs 50/- Please ensure your registration at the mandal office before 6 th June 4.00 pm. Or Email your Full Name and Std studying in currently at jimmytshah@gmail.com or patanmandal@vsnl.net For any enquiries please contact Mrs Jimmy Tarang Shah at 9820969910

❐ **EDUCATION COMMITTEE**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના અવસાનની સખેદ નોંધ લેતા, તેઓના કુટુંબીજનોના દુ:ખમાં સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્દગતના આત્માને ચિર:શાંતિ અર્પો એજ પ્રાર્થના.

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | ઉંમર | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા પોરવાલ | ડંક મહેતાનો પાડો | પ્રદીપભાઈ ચીમનલાલ શાહ | ૫૮ | પાટણ | ૪-૫-૨૦૦૯ | વૈશાખ સુદ ૧૦ |
| વિશા શ્રીમાળી | શાંતીનાથની પોળ | દિલીપભાઈ જયસિંગલાલ શાહ | ૫૪ | રતલામ | ૫-૫-૨૦૦૯ | વૈશાખ સુદ ૧૧ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | વિનોદભાઈ ગભરૂચંદ શાહ | ૭૩ | મુંબઈ | ૬-૫-૨૦૦૯ | વૈશાખ સુદ ૧૨ |
| વિશા શ્રીમાળી | મણીયાતી પાડો | જયાબેન અમૃતલાલ નગરશેઠ | ૭૦ | મુંબઈ | ૭-૫-૨૦૦૯ | વૈશાખ સુદ ૧૩ |

## સાભાર સ્વીકાર

**મંડળના જુદા જુદા ફંડોમાં અને પ્રવૃત્તિઓમાં, સ્વૈચ્છીક રીતે નાણાંકીય ભેટની રકમ આપવા બદલ, સર્વે શુભેચ્છકો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.**

### શ્રીમતી નિર્મળાબેન શાંતીલાલ રીખવચંદ શાહ સ્ત્રી ઉદ્યમ વ્યાવસાયિક તાલીમ ફંડ :

૧૧,૦૦૦/- શ્રી હરેન્દ્રભાઈ શાંતીલાલ શાહ (કોકાનોપાડો)
શ્રી હરેન્દ્રભાઈ તથા શ્રીમતી તરૂણાબેન
હરેન્દ્રભાઈ શાહના વર્ષી તપ નિર્વિઘ્ને પૂર્ણ થયા નિમિત્તે

### સમાજ વિકાસ ફંડ :

૨,૧૧,૧૧૧/- શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી(સાહેબા)
હસ્તે : શ્રી પ્રમોદભાઈ ભોગીલાલ ઝવેરી(ચોધરીનીશેરી)

૧,૦૦,૦૦૦/- શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ
(કપુર મહેતાનો પાડો)

૨૫,૦૦૦/- શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ (ખેતરવસી)
સ્વસ્થતાપૂર્ણ ૬૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે

૫,૦૦૦/- શ્રી જયકુમાર કાંતીલાલ શાહ (મણીયાતીપાડો)

### મેડીકલ તથા શૈક્ષણિક સહાય કોરપસ ફંડ :

૧,૦૦,૦૦૦/- શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ(ખજુરીનોપાડો)
હસ્તે : કુ. એશા દર્શનભાઈ શાહ

### મંડળ નિભાવ ફંડ :

૨૫,૦૦૦/- શ્રી રવીન્દ્ર શાહ ચેરીટેબલ ટ્રસ્ટ(ખજુરીનોપાડો)
શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ
હસ્તે : ડૉ.જીનલ નિખિલભાઈ શાહ

### શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ ભેટ :

૧,૦૦,૦૦૦/- શ્રીમતી મિનાક્ષીબેન કીર્તિલાલ શાહ(કેશુશેઠનો પાડો)
શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહની સ્મૃતિમાં

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ (દત્તક યોજના) :

૩૬,૦૦૦/- શ્રી તરૂણભાઈ કેશરીચંદ શાહ
ચિ.ભાવેન તરૂણભાઈ શાહના જન્મદિનની
ઉજવણી ન કરતા તે રકમ ભેટ ખાતે મોકલાવેલ છે.
(મારફતીયા મહેતાનો પાડો)

### વિદ્યાલય ડેવલપમેન્ટ ભેટ :

૧૧,૦૦૦/- શ્રી દિલીપભાઈ સુરજમલ શાહ (ઝવેરીવાડો)

### લગ્ન વિષયક

**સુખી, સંસ્કારી, સાધન સંપન્ન, પ્રતિષ્ઠિત પરિવારની એકમાત્ર ૧૯૮૩ બોર્ન કન્યા માટે (મંગળ છે) આવકાર્ય છે.**

**પ્રોપર મુંબઈ તેમજ વિલેપાર્લે - અંધેરી સુધીના ડીગ્રી અને બીઝનેસ ધરાવતા યુવક હોવા જરૂરી.**

**સંપર્ક : મોબાઈલ : ૯૮૧૯૭ ૬૩૧૮૭**
**સમય : સવારના ૯ થી ૧૨ અને સાંજના ૭ થી ૧૦**

### દવા સહાય ભેટ :

૫,૮૦૦/- શ્રી ચંદ્રકાંત એમ. શાહ (અબજી મહેતાનો પાડો)
શ્રીમતી તરૂલતાબેન ચંદ્રકાંતભાઈ શાહની
વૈશાખ સુદ ૧૫- ૫૮ મી લગ્ન તિથિ નિમિત્તે

૫,૦૦૦/- શ્રીમતી નલિનીબેન પ્રવીણભાઈ શાહ
(અજીતનાથની પોળ)

૧,૦૦૧/- શ્રી નવનીતલાલ મણીલાલ શાહ પરિવાર
શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહના
વર્ષી તપ નિમિત્તે ( મણીયાતી પાડો )

૧,૦૦૧/- શ્રી અશ્વીનભાઈ અંબાલાલ શાહ(લખીયારવાડો)
શ્રીમતી ઉષાબેન અશ્વીનભાઈ શાહના
૨ વર્ષી તપ નિર્વિઘ્ને પૂર્ણ થયાની ખુશાલીમાં

૫૦૧/- શ્રીમતી સુધાબેન જીતેન્દ્રભાઈ શાહ
વર્ષી તપના પારણા નિમિત્તે

### વૃધ્ધજન સહાય ભેટ :

૨,૫૦૦/- શ્રીમતી શારદાબેન રસિકલાલ શાહ (પોળનીશેરી)
સ્વ.શ્રી રસિકલાલ મણીલાલ શાહની સ્મૃતિમાં

### આર્થિક સહાય ભેટ :

૧,૦૦૦/- શ્રી સતીશભાઈ નયનમલ શાહ

### હેલ્થ કેર સાધન ભેટ :

૧,૧૦૦/- શ્રીમતી હીરાલક્ષ્મીબેન એમ. વાડીયા

૯૭૦/- શ્રી કૃણાલ શાંતીલાલ શાહ
સ્વ.પૂજય દાદીમાં - સુંદરબેનના સ્મરણાર્થે

### દવા સહાય તથા વિકલાંગ ઉત્કર્ષ ભેટ :

૨,૦૦૦/- શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ(ખેતરવસી)
સ્વાસ્થ્યપૂર્ણ ૬૦ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં

### લગ્ન પ્રસંગે ભેટ :

૨,૦૦૦/- શ્રી મુકેશભાઈ રમણલાલ પાનાચંદ શાહ
ચિ.પ્રાચી (કુંભારીયા પાડો)ના લગ્ન ચિ.દર્શન
રાજેશભાઈ શાહ(કોકાનો પાડો) સાથે થયાની ખુશાલીમાં

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ :

૨૦૧/- શ્રી સુધાબેન પ્રતાપચંદ ભોગીલાલ શાહ
વર્ષી તપના પારણા નિમિત્તે

### મંડળના સામાન્ય સભાસદો જોગ

શ્રી પાટણ જૈન મંડળના જે સામાન્ય સભાસદોનું ત્રિવાર્ષિક લવાજમ, તા. ૩૧-૩-૨૦૦૯ ના દિને પૂરૂ થયેલ હોઈ, તેઓએ તા. ૧-૪-૨૦૦૯ થી શરૂ થતાં નવા વર્ષ માટેનું **ત્રિવાર્ષિક લવાજમ રૂા.૧૫૦.૦૦ સમયસર ભરવું જરૂરી છે.**

મંડળના મુખ્ય કાર્યાલય ઉપરાંત ગોરેગામ તથા રતનનગર અને પાટણ ખાતેના શાખા કાર્યાલયમાં પણ આપશ્રી આપના લવાજમની રકમ ભરપાઈ કરી શકો છે.

*માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન)*




## શ્રી પાટણ જૈન મંડળ
## સમાજ વિકાસ ફંડ

સમાજ પ્રત્યેની ઉત્કૃષ્ટ ભાવના એ જ આનંદની અભિવ્યકિત છે. ઈચ્છાશકિતની સ્વયંભૂ સરિતા વહેવા લાગી છે. વિવિધલક્ષી પ્રવૃત્તિઓનો વેગ, વિકાસ અને વૃષ્ટિની સમૃધ્ધિ થકી સંસ્થાના સંસ્થાપકો, શિલ્પકારો અને હોદ્દેદારો તથા નિ:સ્વાર્થ સેવાભાવી કાર્યકરોની સેવાભાવનાની સુરભિ એક અનન્ય અનુભૂતિ કરાવી રહી છે.

જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા વલખા મારતા માનવીઓને અસ્મિતા જાળવવાનો ઉપદેશ કઈ રીતે આપી શકાય ? જીવનાભિમુખતાને વીસરીને આપણે અન્ય વાતોમાં અટવાઈ જઈએ છીએ. આપણો સમાજ પામર કે પંગુ અને મજબુર કે મોહતાજ ન રહે તે ઈચ્છનીય નથી ? તેમના અસ્તિત્વના રક્ષણની સુબુધ્ધ વ્યવસ્થા કર્યા પછી જ અસ્મિતા જગાડવાના પ્રયત્ન કરી શકાય. આયખુ ઘસાય તે પહેલાં અનેરી સમર્પણ ભાવનાથી પરમાર્થ કરી લેવો જોઈએ.

**સમાજ વિકાસ ફંડમાં મળેલ દાનની રકમમાંથી ૧૦ ટકા રકમ જુની ખાધ પુરી કરવામાં, ૪૦ ટકા રકમ કોરપસ ફંડ ખાતે તથા ૫૦ ટકા રકમ ફંડ દ્વારા નિશ્ચિત કાર્યો માટે ચાલુ વર્ષમાં અથવા દાતાની ઈચ્છા મુજબ વાપરવામાં આવશે. જરૂરિયાતમંદ પરિવારજનોને અમારી નમ્ર વિનંતી છે કે, આપણી જરૂરિયાત માટે ચોક્કસ અને ત્વરિત અમારો સંપર્ક સાધશો. દાનવીરોના અમૂલ્ય દાનની સંસ્થાને સુપેરે જાણ છે. સુપાત્રે સમય તથા સંજોગોને આધીન અને જવાબદારી પૂર્વક પરિણામલક્ષી કાર્યોમાં ઉપયોગ કરવામાં આવશે.**

સમાજ વિકાસ ફંડમાં આપનું યોગદાન યથોચિત, ચિરસ્મરણીય અને અનુકરણીય રહેશે.

## શ્રી પાટણ જૈન મંડળ સહાય અભિયાન

**શું આપના બાળકો અભ્યાસ કરે છે ?**
**શું આપના ઘરમાં કાયમી માંદગી છે ?**
**શું આપને ઘર નિભાવ ખર્ચ ઓછો પડે છે ?**
**શું આપ સ્વાવલંબી થવા ઈચ્છો છો ?**

તો આવો... વિના સંકોચે અમને આપના ફોન નંબર તેમજ સરનામા ફોન દ્વારા અથવા લેખીત જણાવશો. જેથી અમારા કાર્યકરો આપનો રૂબરૂ સંપર્ક સાધી શકે.

**આપના દુ:ખ દર્દ ગુપ્ત / ખાનગી રખાશે.**

**સંપર્ક :** શ્રી પાટણ જૈન મંડળ, શ્રી મનુભાઈ જોશી, શ્રી જ્ઞાનેશભાઈ અથવા શ્રી હેમંતભાઈ, સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ બપોરે ૨.૩૦ થી ૬.૦૦ ફોન : ૨૨૮૧ ૧૩૪૬ / ૨૨૮૧ ૧૨૧૮

**❒ માનદમંત્રીઓ(એડમીનીસ્ટ્રેશન)**

***Publisher & Printer :*** **ARVIND JIVABHAI SHAH** for **SHREE PATAN JAIN MANDAL,** ***Printed at :*** **ASHOK PRINTING PRESS,** 'Sant - Sakha' 5, Nehru Road, Vile - Parle (East), Mumbai - 400057 & ***Published at :*** Shree Patan Jain Mandal, 77, Marine Drive, Mumbai-400 020. Editor : **SHRI ARVINDBHAI JIVABHAI SHAH** **RNI Regd. No. MAHGUJ / 2006 / 18379**